# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 06 • PAGES : 40 • MUMBAI • DATE : 20TH OCTOBER 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


# સર્વે વાચકોને વિજયાદશમીની હાર્દિક શુભકામના...



॥ સત્યમેવ જયતે ॥

# IN REVERENCE



Arrival :
Dt. 04-01-1937

Departure :
Dt. 07-10-2020

## Shri Thakarshi Meghji Gosher

Native of : Bayath - Kutch
Resident of : Ghatkopar - Mumbai

*"He departed from this world, but his journey's just begun,*
*life holds so many facets, this earth is only one.*

*He left us beautiful memories, he is our guiding light*
*And although we cannot see him, his strength by our side*

*We think of him as living, in the hearts of those he touched*
*for nothing loved is ever lost, and he was loved so much...."*

We sincerely thank all our relatives, friends, associates and acquaintances who reached out to us during our trying times and in our hour of grief

Daughters : **Smt. Alpa Ghanshyam Lalka**
**Smt. Jasmini Atul Shah**
Grandchildren : **Neel, Urja & Viha**

**Gosher, Vikamsey & Momaya families.**

**TM Gosher & Co.**
**TM Gosher & Associates**


# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



ચંદન જેવું જીવન જીવીને સુખ સહુને આપી ગયા.
ખુદ ઘસાઈ અમ કાજે સૌરભ થઈ પ્રસરી ગયા.
જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહી.
વિદાય એવી લીધી કે કદી ભુલી શકાય નહી.

**સ્વ. શેઠશ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ**

સંપ, સંગઠન અને એકતાના ત્રિવેણી સંગમ પર
પોતાની લાગણીઓનું સામ્રાજ્ય ખડું કરનાર
સત્કાર્યો દ્વારા જીવનને સફળ બનાવી
અન્યો માટે પ્રેરણારૂપ બની,
સેવાભાવી વ્યક્તિત્વની સુવાસ છોડી ગયા...



**સ્વ. શ્રી પ્રવિણકુમાર નરસીભાઈ દંડ**

શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખુટે છે,
અંજલી આપતા હૈયું રડે છે,
અકાળે છુટી ગયો આપનો સાથ,
પણ આશ્વાસન એટલુંજ કે,
સાથે કાયમ આપની યાદ તો છે,
અમ હૈયાના કણકણમાં છો સજીવન આપ...



**સ્વ. સૌ. વાસંતીબેન છત્રપતી દંડ**

સૌ પ્રત્યે સ્નેહભર્યા સંબંધો જાળવનારા,
વાત્સલ્યભાવે સંસારીક ફરજો બજાવનાર,
ધર્માનુરાગી–જીવદયાપ્રેમી–પરોપકારી
એવું જીવન જીવી ગયા.



**સ્વ. શ્રી કુમારપાલ તિલોકચંદ દંડ**

-:: શોકાકુલ::-

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ, મલકાપુર

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૧ એપ્રિલ ૧૯૪૪

અરિહંત શરણ :
તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૦

## સ્વ. શેઠશ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ (વરાડીયા - મલકાપુર)

આજે તમે ક્યાંયે નથી પણ સતત સાથે છો એવું લાગ્યા કરે છે.
હરક્ષણે તમારા અસ્તિત્વનો આછો આભાસ થયા કરે છે.
અશ્રુઓ સુકાઈ ગયા આંખમાં, શબ્દો અટવાઈ ગયા શ્વાસમાં
ભરબપોરે સુર્ય આથમી ગયો, હવે જીવીએ માત્ર તમારી યાદમાં
પલકમાં પરિવારથી અલોપ થઈ ગયા, તમારી મીઠી યાદ છોડી ગયા...

### -: શોકાકુલ પરિવાર :-

**માતુશ્રી ગંગાબાઈ નરસીભાઈ દંડ પરિવાર, મલકાપુર**
**માતુશ્રી લખમીબાઈ નરપાર ખોના પરિવાર, કલીકટ**
**માતુશ્રી લખમીબાઈ જીવરાજ લાલકા પરિવાર, કારંજા**
**માતુશ્રી કાન્તાબાઈ કુલીનકાન્ત જેઠાભાઈ ખોના પરિવાર, પુણે**
**માતુશ્રી વિજયાબેન સુમનલાલ વિકમશી પરિવાર, ઈંદોર**
**માતુશ્રી લક્ષ્મીબાઈ લક્ષ્મીચંદ માણેકજી મૈશેરી પરિવાર, શેગાંવ**
**માતુશ્રી દિનાબેન નલીનકાન્ત લોડાયા પરિવાર, મુંબઈ**
**માતુશ્રી અંજનાબેન હસમુખ લક્ષ્મીચંદ ધરમશી પરિવાર, મુંબઇ**
**માતુશ્રી દીપાબેન વિપીનભાઈ ચિમનલાલ મોતા પરિવાર, નિમચ**

# છ માસિક પુણ્યતિથિ



જન્મ :
તા. ૧૭/૧૧/૧૯૩૪

અરિહંત શરણ :
તા. ૧/૦૫/૨૦૨૦

## ડૉ. માનસીબેન જયચંદ લોડાયા (અજાણી, કોઠારા)

**M** માન આપીને મન જીતી લેતી.
**A** અંત સુધી રાખ્યો એકજ રંગ.
**N** નિંદા, ક્રોધ, કપટ, લોભ નવ કરતી.
**S** સાચી સલાહ આપે પેશન્ટ ને, કરે ન વિશ્વાસ ભંગ.
**I** ઈસમ એવાં મોંઘેરાં, જડે છીપમાં જાણે મોતી !
**J** જનનીના હેત ત્રણેને મળ્યા સરખા, વડીલ કહો કે કહો વરદાન !
**A** અભિનય, સાહિત્ય, કલા, કવિતા, લોકસંગીતનું કરે નિત્ય રસપાન.
**Y** યત્ન કરે પેશન્ટ, પરીવાર કાજે, હોય ભલે નિમ્ન કે ઊંચું ખાનદાન !
**L** લોડાયાના પુત્રવધુ બન્યા, કાર્યો પુત્ર થી પણ કર્યા વધુ.
**O** ૐ શાંતિનાથાય નમઃ ગાજે, હોય તીર્થ, કોઠારા કે સાંધાણ ગામ.
**D** ધુલ્લા કુટુંબે રત્ન ખોયો, દર્શન કરતાં સમરીયે માંડણ તેજશી નામ.
**A** આગવી પ્રતિભા, શોભે સાદગી, સંચિત પુણ્ય ઘણું બધું !
**Y** યાદ કરી સહુ બોલજો, બાર મંત્ર નવકાર.
**A** આ ભવે ને ભવોભવે, ''શાંતિ'' મળે તમને અપાર !


**ડૉ. જાગૃતિ રસેશ ચસ્માવાળા (લોડાયા), સુરત – માટુંગા રોડ**
MDS MDS (Mum)
**Orthodontist. Tobacco Deaddiction Specialist**
**Mob.: 98696 56565 • E-mail : jagrutichasmawala@gmail.com**


(ઇ.સ. ૧૮૫૪માં જ્ઞાતી શિરોમણી શેઠશ્રી નરશી નાથાના ભાણેજ, શેઠ માંડણ તેજશીએ શ્રી શાંતિનાથ જિનાલય, તિલકટુંક, સાંધાણમાં બંધાવ્યું તે માનસીબેનના પરદાદા થાય.)

## ।। अश्रुभरी श्रद्धांजली ।।



# स्व. सौ. गीताबेन हरीश शाह

(जन्म : 29-7-1961, स्वर्गवास : 23-9-2020)

**अत्यंत दुख के साथ सूचित करना पड रहा है कि मेरी धर्मपत्नी**
**श्रीमती गीता शाह का स्वर्गवास दि. 23-9-2020 दिन बुधवार को हुआ है**
**वीर प्रभु की ईच्छा के सामने हम नत मस्तक है**

**प्रिय गीता तुम बिछडी कुछ ईस अदा से कि ऋत ही बदल गई ।**
**कर गई कुछ काम ऐसे अपनी जिन्दगी मे के हर शख्स को तुम पर नाज है ।**
**कर गई तुम विरान सारे शहर को कहां से लाएंगे अब इतना हौंसला के तुझे भुलाएँ भी और मुस्कुराएं भी ।**

आपकी उंगलीया थामना ही बचपन था, आपकी मुस्कुराहट ही जिंदगी
आपकी दोस्ती एक सीख थी, और आपका प्यार जिंदगी

: शोकाकुल :

**हरीश झवेरचंद शाह (पति), चेतक जवेरचंद–कल्पना शाह (देवर देवरानी), गिजर–काजल शाह (बेटा बहु)**
**निधी सिद्धार्थजी दंड USA (बेटी दामाद), श्रुति शाश्वतजी गुप्ता (बेटी दामाद), कु. अमी चेतक शाह (बेटी)**
**ईला अभयजी सोनी (ननन्द–ननदोई) हीरा–भवानजी शाह (माता पिता), रीता केतनजी शाह हुबली (बहन जीजाजी)**
**विहान शाह (पौत्र), वंशिका दंड (नातिन) समस्त शाह परिवार व रिश्तेदार एवं मित्रगण**

**फर्म : शाह ईलेक्टिकल, स्टेशन रोड, रायपुर**

हरिश शाह **94252-09700** | चेतक शाह **94252-09800** | भवानजी शाह **89597-10030**

**नोट : वर्तमान परिस्थिति (कोरोना) के चलते आप सभी स्व निवास से मृतात्मा की शांति हेतु ईश्वर से प्रार्थना करे.**

જેની છત્રછાયામાં ઉચ્ચત્તમ શિક્ષણ પ્રાપ્ત કરી અમે સફળતાના શિખરે પહોંચ્યા...
એવા અમારા જીવનના ઘડવૈયા...પરમગુરૂ...

# અમારા 'સર' ને આત્મીયભરી શ્રદ્ધાંજલી.

ગુરુ



## CA શ્રી ઠાકરશી મેઘજી ગોસર
(બાયઠ - ઘાટકોપર)

જીવનનો રાહ બતાવે, મનના તિમિર હટાવે,
એવા ગુરુના ચરણે...શીશ નમાવે...

**અમારા આત્મીય અને આપ્તજન એવા "સાહેબ" નો આત્મા શીઘ્રાતીશીઘ્ર મોક્ષગામી બને એ જ પ્રાર્થના સાથે ભાવભરી સ્મરણાંજલી...**

**ગોસર પરિવાર પર આવેલા દુઃખમાં અમો સહભાગી છીએ.**

આપના ઉપકારોનું ઋણ ક્યારેય ચૂકવી શકાશે નહીં...

**લિ. : સાહેબના આદ્ય સહકાર્યકરો અને વિદ્યાર્થીઓ**

| | | | |
|---|---|---|---|
| CA લક્ષ્મીચંદ આર. શાહ | CA કિશોર એસ. મૈશેરી | CA પદમકુમાર ટી. પોલડીયા | CA અશ્વિન પી. મહેતા |
| CA જેઠાલાલ એલ. વોરા | CA ભરત એ. શાહ | CA રસિક એસ. પોલડીયા | CA વિજય એન. ભટ્ટ |
| ભરત જી. દફતરી | CA દેવચંદ એલ. વોરા | CA મુકેશ એમ. ગંગર | CA સુમનલાલ એસ. લોડાયા |
| CA નીતીન આઈ. પારેખ | મનીષ મહેતા | CA હરેશ વી. કગરાણા | ધરમશી એ. ભૂતૈયા |

# MATRIMONIAL


Inviting marriage proposal
for our daughter
34yrs/5ft
Graduate/BHMS
Divorcee.

We are a well settled family residing in Mumbai.


Looking for a well educated & settled groom.

Location no bar.

Contact : **98197 80974**
**98676 30560**

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



## શ્રી કિશોર ગોવિંદજી ખોના (કાયાણી)
## શ્રી કિશોર ખીમજી ખોના (કાયાણી) જખૌ /મુલુન્ડ

જન્મ : તા.૨૩-૦૯-૧૯૫૧
સ્વર્ગવાસ : તા.૨૪-૦૯-૨૦૨૦

આપની હયાતી અમારી પ્રેરણા હતી.
આપના આદર્શ હંમેશા અમારા માર્ગદર્શક રહેશે.
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા અને તમારી ધર્મભક્તિને કોટી કોટી વંદન.
આપનો અપ્રતિમ કુટુંબપ્રેમ સદાય અમારા હૃદયમાં અમર બની રહેશે.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના...

### -: ઋણ સ્વિકાર :-

અમારા કાયાણી પરિવારના મોભી શ્રી કિશોરભાઈ કાયાણીના દુ:ખદ નિધન નિમિત્તે અમને રૂબરૂ, ફોન, વોટ્સઅપ, ઇમેઇલ, પત્રો વગેરે માધ્યમો દ્વારા દિલાસાના સંદેશા પાઠવી અમારા શોકમાં સહભાગી થવા બદલ કાયાણી/મોતા પરિવાર જ્ઞાતિજનોનો, જ્ઞાતિ સંસ્થાઓનો, સ્નેહી સ્વજનોનો, અંતકરણપૂર્વક આભાર માને છે.

| | |
|---|---|
| માતા-પિતા : | સ્વ. અ.સૌ. જવેરીબાઈ ગોવિંદજી નેણશી ખોના (કાયાણી) જખૌ |
| | સ્વ. અ.સૌ. સોનબાઇ ખીમજી લખમશી ખોના (કાયાણી) જખૌ |
| સાસુ-સસરા : | સ્વ. મણીબાઈ ઉમરશી પીતાંબર મોતા (સુથરી-આધોની) |
| | ગં.સ્વ. લક્ષ્મીબાઈ ઉમરશી પીતાંબર મોતા (સુથરી-આધોની) |
| નાના-નાની : | સ્વ. ધનબાઈ ભાણજી નાગડા નલિયા |
| | સ્વ. ધનબાઈ કુંવરજી જીવાણી જખૌ |
| ધર્મપત્ની : | ગં.સ્વ. શોભા કિશોર ખોના (કાયાણી) |
| પુત્ર-પુત્રવધુ : | અ.સૌ. પૂનમ રિતેશ કિશોર ખોના (કાયાણી) |
| પુત્રી-જમાઈ : | અ.સૌ. રચના વિનોદ ભીમશી દેઢિયા (ભરૂડીઆ-થાણા) |
| પૌત્રી : | ચિ. મોક્ષા રિતેશ ખોના (કાયાણી) |
| | ચિ. અક્ષા રિતેશ ખોના (કાયાણી) |
| દોહીત્રી : | ચિ. દિશા વિનોદ દેઢિયા |
| ભાઈ ભાભી : | અ.સૌ. મધુરી કાંતિલાલ ખીમજી ખોના (જખૌ-નાહુર) |
| | અ.સૌ. પલ્લવી પંકજ ખીમજી ખોના (જખૌ-નાહુર) |
| બહેન-બનેવી : | અ.સૌ. જ્યોતિ રાજેન્દ્ર પીતાંબર ડાઘા (વરાડીયા-ભાંડુપ) |
| | ગં.સ્વ. તરૂલતા વિજય શિવજી લોડાયા (નલિયા-ઇટારશી) |
| ફુઈ-ફુઆ : | સ્વ. અ.સૌ. ગુણવંતીબાઈ મણિલાલ રતનશી નાગડા (નલિયા-મુલુંડ) |
| | ગં.સ્વ. વેલબાઈ ચાંપશી નાગશી મૈશેરી (કુઆપધર-ખામગામ) |
| વેવાણ વેવાઈ : | અ.સૌ. વંદના ખુશાલ લખમશી પોલડીયા (ડુમરા-બોરીવલી) |
| | અ.સૌ. લક્ષ્મીબેન ભીમજી નરપાર દેઢિયા (ભરૂડિયા-થાણા) |
| ભત્રીજા-ભત્રીજાવહુ : | અ.સૌ. માનસી ચિંતેશ કાંતિલાલ ખોના (જખૌ-નાહુર) |
| | અ.સૌ. અવંતિ અંકુશ કાંતિલાલ ખોના (જખૌ-U.S.A.) |
| | અ.સૌ. કાજલ વિક્રાંત કાંતિલાલ ખોના (જખૌ-નાહુર) |
| | અ.સૌ. અવની કાર્તિક પંકજ ખોના (જખૌ-નાહુર) |
| ભત્રીજા પુત્રી : | ચિ. રીતિકા ચિંતેશ ખોના |
| | ચિ. પ્રિશા અંકુશ ખોના |
| ભત્રીજા પુત્ર : | ચિ. રિદાન કાર્તિક ખોના |
| | ચિ. આરવ અંકુશ ખોના |
| | ચિ. કાનવ વિક્રાંત ખોના |
| | ચિ. વિહાન વિક્રાંત ખોના |
| | ચિ. તનિષ ચિંતેશ ખોના |
| ભત્રીજી-ભત્રીજીવર : | અ.સૌ. ઉર્મિન પ્રતિક કાંતિલાલ વિકમશી (જખૌ-મલબાર હિલ) |
| ભાણેજ-ભાણેજવહુ : | અ.સૌ. ચારૂ ગિરીશ મણિલાલ નાગડા (નલિયા-મુલુંડ) |
| | અ.સૌ. કરિશ્મા લોકેશ વિજય શિવજી લોડાયા (નલિયા-ઇટારશી) |
| ભાણેજી : | કુ. મેઘના વિજય શિવજી લોડાયા (નલિયા-ઇટારસી) |
| ભાણેજી-ભાણેજીવર : | અ.સૌ. તોરલ મયુર હીરાચંદ નાગડા (બાંઢિયા-ભાંડુપ) |
| | અ.સૌ. નૂતન રવિ ગુલાબચંદ લોડાયા (કોઠારા-ડોમ્બિવલી) |
| | અ.સૌ. ધારિણી નિશાંત મહેશચંદ્ર જૈન (દિલ્હી) |
| ભાણેજ પુત્ર-પુત્રી: | પ્રિષા નિશાંત જૈન |
| | ઉદિત રવિ લોડાયા |
| | જૈનમ મયુર નાગડા |
| | નીવ નિશાંત જૈન |
| | ખીશા લોકેશ લોડાયા |
| સાળા- સાળાવેલી : | સ્વ. હીના હિરેન ઉમરશી મોતા (સુથરી-હૈદરાબાદ) |
| | અ.સૌ. જયશ્રી પ્રફુલ્લ ઉમરશી મોતા (સુથરી-ચેન્નાઇ) |
| | કિરીટ ઉમરશી મોતા (સુથરી-આધોની) |
| ભત્રીજા (શ્વસુર પક્ષ) : | હાર્દિક હિરેન ઉમરશી મોતા |
| | હેમાંગ હિરેન ઉમરશી મોતા |
| | નેવિલ પ્રફુલ્લ ઉંમરશી મોતા |
| ભત્રીજી (શ્વસુર પક્ષ) : | અ.સૌ. જિનલ હેમાંગ બકુલ ખોના (મોટી ખાવડી-કોઇમ્બતુર) |

**તંત્રી સ્થાનેથી**

# શૈક્ષણિક સહાય માટે વિચાર વિમર્શ કરીએ

– ડૉ. હીરાચંદ દંડ - 7738508150



તા. ૧૮-૧૦-૨૦૨૦ના રોજ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા ઝુમ ઉપર એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણી જ્ઞાતિના નર્સરીથી ધોરણ ૧૦ સુધીના શાળાના વિદ્યાર્થીઓની જરૂરતો તથા તેમને મદદરૂપ થવા માટેની યોજનાઓ અંગે વિચાર વિમર્શ કરવા આયોજીત ઉપરોક્ત મીટીંગમાં સમગ્ર ભારતભરમાંથી આગેવાનોએ ભાગ લીધો હતો અને તેમના મંતવ્યો - વિચારો વ્યક્ત કર્યા હતા.

કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા હાલમાં ભારતના કોઈપણ ભાગમાં રહેતા નર્સરીથી ધોરણ ૧૦ સુધીના ક.દ.ઓ. વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ રૂા. ૨૦૦૦૦/-ની શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. પરંતુ હાલમાં મુંબઈ-ભુજ તથા અન્ય શહેરોમાં શૈક્ષણિક ફી ખૂબ જ વધી ગયેલી છે એટલે શિક્ષણ આપવું ખૂબજ મોંઘુ થઈ ગયું છે. આ ઉપરાંત યુનીફોર્મ, બુક્સ, ટયુશન ફી, બસ ભાડું વગેરે ખર્ચ શાળાની ફી કરતા પણ વધી જાય છે.

મીટીંગમાં સહભાગી બનેલા અનેક લોકોએ મત વ્યક્ત કર્યા હતો કે જ્ઞાતિના મેગેઝિનસમાં જાહેરાત આપવાથી તથા શૈક્ષણિક મીડીયામાં પ્રચાર કરવા છતા આપણી જ્ઞાતિ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટની પ્રવૃત્તિઓથી પુર્ણ રીતે માહિતગાર નથી. તેથી જ્ઞાતિની જરૂરતો વિશે સાચું મુલ્યાંકન કરી વિદ્યાર્થીઓને મદદરૂપ થવું મુશ્કેલ બને છે. દરેક વાલીઓને વિનંતી છે કે તેમના બાળકોની શૈક્ષણિક જરૂરિયાતની વિગતો લખી મોકલાવે.

આજે વાલીઓ પોતાના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવા માંગે છે એટલે તે માટે પોતાના ગજા ઉપરાંત ખર્ચ કરે છે. આ પરિસ્થિતિમાં વાલીઓએ બાળકોના શિક્ષણ માટે પોતાની સ્થિતિ મુજબ ખર્ચ કરવો જોઈએ કે જ્ઞાતિએ બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવા બધી સહાય કરવી જોઈએ એ વિસ્તૃત ચર્ચાનો વિષય છે.

હું આ સ્થળેથી પ્રકાશ સમીક્ષાના વાચકોને વિનંતિ કરૂં છું કે ઉપરોક્ત બાબત અંગે પોતાના વિચારો લખી મોકલે જેથી આપણે સંયુક્ત રીતે જ્ઞાતિના વિદ્યાર્થીઓની જરૂરતો જાણી શકીએ તથા જ્ઞાતિએ કઈ રીતે મદદ કરવી જોઈએ એ પણ વિચારી શકાય.

આ બાબત અંગેના આપના વિચારો **kdoprakash@gmail.com** ઉપર અથવા પત્ર દ્વારા લખી મોકલવા સર્વે જ્ઞાતિજનોને નિમંત્રણ છે. સાથે આપનું નામ, ગામ તથા કોન્ટકેટ નંબર અવશ્ય લખવા વિનંતી. આવો આપણે સૌ સાથે મળી આ અંગે વિચાર વિમર્શ કરીએ.

***

## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

## Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of this Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે. આપના સહકારની આશા સાથે....

**– પ્રકાશ સમીક્ષા સમિતિ**

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
રાયચંદ રતનશી નાગડા
પંકજ પ્રતાપ શાહ
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
શૈલેશ સનત્ શાહ
કેશરસિંહ આણંદજી ખોના
જયંત વિશનજી છેડા
તિલકચંદ કુંવરજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ – ૨૩ અંક નં. ૦૬**
**Date : 20-10-2020**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

**સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત**
**રવિવાર અને જાહેર રજાના બંધ**

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**


**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# શ્રી તિલકચંદ નરસીભાઇ જેઠાભાઇ દંડની જીવન ઝરમર



**''જિંદગી મળવી એ નસીબની વાત છે,**
**મોત મળવું એ સમયની વાત છે,**
**મોત પછી સૌના દિલમાં રહેવું એ**
**જીંદગીમાં કરેલા સત્કર્મોની વાત છે.''**

જ્ઞાતિ તિલક સમા, જ્ઞાતિ શિરમોર, સમાજના મોભી પુરૂષ શ્રી તિલકચંદ નરસીભાઇ જેઠાભાઇ દંડના આકસ્મિક મૃત્યુથી સમાજ તથા પરિવાર આઘાતથી સ્તંભિત થઇ ગયો છે.

એમનું વ્યક્તિત્વ એટલે ભાવોની ભવ્યતા, આસ્થાની અસ્મિતા, શ્રધ્ધાની સ્થિરતા, ભક્તિની શરણતા, સમર્પણની શુધ્ધતા, હૃદયની ઋજુતા, મનની મધુર પ્રસન્નતા, અંતઃકરણની અજાત શત્રુતા, વાણીની મોહકતા અને સાધર્મિક વાત્સલ્યની સરવાણી સ્વરૂપ હતું.

આપશ્રીનો જન્મ કચ્છરત્ન શ્રી નરસી જેઠાભાઇ દંડ વરાડિયાવાળાને ઘેર થયો. માતા ગંગાબાઇ મધુર સ્વભાવના ઓજસ્વી નારી હતા. તિલકભાઇ ૧૧ એપ્રિલ ૪૪માં નાનાણે ડુમરામાં જન્મ્યા. પાંચ ભાઇઓમાં એઓ જ્યેષ્ઠ હતા. બીજા નંબરના ભાઇ ડૉ. કાન્તીલાલ દંડ, ઘાટકોપર, ત્રિજા ભાઇ એટલે ખેલરત્ન છત્રપતીભાઇ, ચોથા ભાઇ સાધુ વૈયાવચ્ચપ્રેમી પ્રવીણભાઇ (જેઓ હાલમાંજ અરિહંત શરણ થયા) અને પાંચમાં ભાઇ એટલે ઉદ્યોગપ્રેમી ભરતભાઇ. આ પાંચેય બંધુ અદ્‌ભૂત સ્નેહતાંતણે બંધાયેલા હતા. એમની એકતાના કારણે જ તેઓએ સમાજમાં નામના મેળવી છે.

માતાપિતાના અનુશાસનપ્રિય તથા સંસ્કારી હાથોમાં આપશ્રીનું વ્યક્તિત્વ વિલક્ષણ રિતે ઓપ પામ્યું. મહારાષ્ટ્રમાં વિદર્ભ કપાસ ઉપજાવાનરી તથા વ્યાપારી પેઠ છે. નરસીભાઇએ કર્મભૂમિ તરિકે વિદર્ભમાં મલકાપૂરના ક્ષેત્રને પસંદગી આપી. તિલકભાઇ ચાર વર્ષના હતા ત્યારે અહીં સ્થિર થઇને કપાસની આડત તથા વેપાર વિકસાવ્યો. 'વીરચંદ નરસી' એમના કંપનીનું નામ હતું. હુન્નર, પ્રામાણિકતા, સૌહાર્દના કારણે એમની કંપની પ્રખ્યાત થઇ. કેવળ માર્કો જોઇને મિલવાળા માલ લેતા, સેંપલની પણ માગણી નહોતા કરતા.

તિલકભાઇનું શિક્ષણ મરાઠીમાંજ થયું. ચૌદ વરસની ઉમરે તેઓ મૅટ્રીક પાસ થયા. ઉચ્ચ શિક્ષણ માટે પુના મોકલ્યા. પરંતુ ત્યાં સાયકલનું એકસીડન્ટ થતા પ્રેમાળ માતાએ પાછો જવા ન દિધો. તેથી પિતાના હાથ નિચે ધંધામાં જોડાયા.

અસલના માણસોની વ્યાવહારિક શિક્ષા દેવાની અલગ જ પ્રથા હતી. પિતાએ પ્રથમ દિવસે જ કહી દિધું, કાલે નામું લખવાનું શરૂ કરશો. ગુજરાતીમાં નામું લખવાનું હોય. ગુજરાતી આવડતું નોતું, કેમકે મરાઠી ભણ્યા હતા. કેમ લખાય એ પિતાને પુછાય નહીં. એમણે ઉપાય શોધી કાઢ્યો. જુના ચોપડા કાઢ્યા, વાંચ્યા ને રાતભરમાં એજ ચોપડો પાછો લખી જોયો. એમને નામું કરતા આવડી ગયું. આવી જ રીતે પોતાના કોઠાસૂઝથી જીવનમાં આવતા બધા પડકારોને ઝિલ્યા તે સફળ થતા ગયા.

મલકાપૂરમાં આર્ટસ ને કૉમર્સની કૉલેજ ખુલી એમાં એમણે પ્રવેશ મેળવ્યો. કૉલેજમાં દશેરા સુધીજ જઇ શકતા કારણ કે દશેરાથી કપાસના ધંધાનું મૂરત થતું. દશેરા પછી કૉલેજ જવાનું બંધ પણ એમની ઉપસ્થિતિ લખાઇ જતી જેથી પરીક્ષા આપવામાં અડચણ નહીં આવે. પરીક્ષાના સમયે જ વાંચવાનું થતું. એઓ વિલક્ષણ પ્રતિભા અને અપૂર્વ યાદશક્તિના ધણી હતા. તેથી એટલા જ અભ્યાસ પર બી.કોમ સુધીનું ભણતર પૂર્ણ કર્યું.

પિતા સાથે ધંધામાં બહોળો અનુભવ કેળવ્યો. જીનીંગ પ્રેસિંગના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓએ આપશ્રીને ઇંડસ્ટ્રીમાં ઝંપલાવાની ફરજ પાડી. મહારાષ્ટ્રમાં કપાસમાં એકાધિકાર યોજના આવતા વ્યાપારી મહારાષ્ટ્રમાં વ્યાપાર

# શ્રી તિલકચંદ નરસીભાઈ જેઠાભાઈ દંડની જીવન ઝરમર



ખેડી શકતા ન હતા. બધુ સરકાર હસ્તક થયું. તેથી મધ્યપ્રદેશના નિકટના જ ક્ષેત્ર બુરહાનપુરમાં ધંધો ખોલ્યો. સાથે સાથે જીનીંગ પ્રેસીંગનું અદ્યતન ટેક્નોલૉજી આધારિત યુનિટ ખોલ્યું. નવું જ્ઞાન, નવું તંત્ર, તથા નવી ટેક્નોલોજીને સમજવાની તેમનામાં હોંશ હતી. નવું શિખીને એને અંગીકાર કરવાની એમની કુનેહ હતી. એમનામાં સાહસ ખેડવાનું ને પુરૂષાર્થ આદરવાનું આયોજન હતું.

એમના 'દિનેશ ટ્રેડિંગ કંપની'ના ફુલી ઑટોમેટીક યુનિટને તત્કાલીન પંતપ્રધાન અટલબિહારી વાજપેયીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યું. ઇ.સ. ૨૦૦૦માં આ પારિતોષિક મળ્યું. એમને એક મહાન ઉપલબ્ધિ મળી.

૧૯૯૯માં Highest Tax Payee તરીકે 'ભામાશા' એવોર્ડ મળ્યો. એકાધિકાર દૂર થતા મલકાપૂરમાં પાછો ધંધો તથા જીનિંગ પ્રેસિંગ યુનિટ ખોલ્યું એને પણ ISO પુરસ્કાર મળ્યો.

પરહિત એમના સ્વભાવમાં વણાયેલું હતું, તેથી ગામમાં કે જ્ઞાતિમાં સદૈવ મદદ કરવા તત્પર રહેતા મલકાપૂરના કેડીઓ બાંધવોને રહેણાંકની તકલીફ હતી. એમના માટે ઘર બાંધી આપવાની યોજના પૂજ્ય પિતાશ્રીએ બનાવી. એની દેખરેખનું કામ કરી આ યોજનામાં પ્રાણ પુર્યા. પિતાશ્રી બાદ મહારાષ્ટ્ર એકમની ધુરા એમણે સંભાળી. યુવા સંમેલનો રાષ્ટ્રીય સ્તરે યોજાયા એમાં સિંહફાળો આપ્યો. વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયતા મળતી જેથી તેઓ કારકિર્દ ઘડી શકે.

અનેક નામવંત સંસ્થાઓના તેઓ અધ્યક્ષ હતા. મહારાષ્ટ્ર એકમના અધ્યક્ષપદે ૨૦-૨૨ વર્ષ હતા. ધુલિયાના જિનેન્દ્રસાગર કચ્છી દશા ઓશવાલ બોર્ડિંગના ચેરમેન પદે હતા. ગુજરાતી સમાજમાં પણ માર્ગદર્શન આપતા રહેતા.

મલકાપૂરના શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના અધ્યક્ષ હતા. મંદીર જુનૂં થતા તેમજ એના બાંધકામ દોષોનું નિવારણ કરવા જિર્ણોધ્ધારનું કામ ચાલું કરાવ્યું હતું જે કોરોનાના વિઘ્ન સમયમાં પણ ચાલુ છે. કાર્ય પૂર્ણ થવાનું જોવાનું એમના ભાગ્યમાં નહોતું પણ કાર્ય ચાલુ છે. કાર્ય પૂર્ણ થયા બાદ મંદિર મલકાપૂરનું અલંકાર બની જશે એમાં શંકા નથી. જિર્ણોધ્ધાર નિવિર્ઘ્ન થાય એ માટે ગામમાં સાંકળી આયંબીલ ચાલુ છે. સાધુસંતોના વિહાર માટે વ્યવસ્થા કરી આપવાનો એમનો વ્યાસંગ હતો. સાધુસંતોની સેવા એમનું બહુમાન તથા વિહારની વ્યવસ્થાઓ કરાવતા. ધાર્મિક પ્રસંગોમાં - પ્રતિષ્ઠાઓમાં ઉપસ્થિત રહી ધાર્મિક બળ મેળવતા, સાધુ ભગવંત તથા સાધ્વીજી ભગવંતોના આશીષ મેળવતા.

**તેઓ નિચે મુજબની સંસ્થાઓના અધ્યક્ષ હતા :**

૧) સુમતિનાથ ભગવાન જૈન શ્વેતાંબર મંદીર ટ્રસ્ટ ૨૦૦૦ થી ૨૦૨૦ સુધી

૨) શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ મલકાપૂર

૩) શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

૪) શ્રી સમસ્ત મહાજન (કેડીઓ)ના મેનેજીંગ ટ્રસ્ટી હતા.

૫) શ્રી સમસ્ત ગુજરાતી સમાજ મલકાપૂર

૬) શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ જિનેન્દ્રસાગર-સૂરીશ્વરજી શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ ધુલિયા (ચેરમેન)

૭) શ્રી પારોલા મૂર્તિપૂજક જૈન તીર્થના સલાહકાર હતા.

૮) શ્રી નરસી જેઠાભાઇ દંડ સંસ્કાર પબ્લીક સ્કૂલ મલકાપૂર એમના માર્ગદર્શન હેઠળ ચાલતી હતી.

૯) સરસ્વતી શિશુ મંદીર બુરહાનપૂરના આજીવન સદસ્ય હતા.

આપણી માતૃભૂમિ કચ્છ તરફ પણ એમની દૃષ્ટિ

# શ્રી તિલકચંદ નરસીભાઈ જેઠાભાઈ દંડની જીવન ઝરમર



હતી. વરાડીયાના દેરાસરની શતાબ્દિ પ્રતિષ્ઠા મહોત્સવને રંગેચંગે ઉજવ્યું. એની વ્યવસ્થાની ઘણીજ પ્રશંસા થઇ હતી. અતિથીગૃહ બનાવ્યું તેમજ હાલમાંજ દંડ ગોત્રના સચ્ચાઇ માતાજીનું મંદિર બંધાયું તેમાં જમીન દાન આપી માતાજીની ચરણરજ માથે ચઢાવી.

આપશ્રી પાસે દીર્ઘદૃષ્ટિ ને આયોજન કૌશલ્ય હતું. કોઇપણ સમસ્યાને શાંતિથી સુલઝાવવાની કોઠાસૂઝ હતી. આપનો સ્વભાવ શાંત હતો. પ્રસન્નચિત રહેતા. એમનું વ્યક્તિત્વ આકર્ષક હતું. તેઓ મિલનસાર સ્વભાવના હતા. પરગજુ હતા. વટવૃક્ષ જેવા પરિવારના આધારસ્તંભ હતા. મલકાપૂરના તથા સમસ્ત સમાજના ગૌરવ હતા. આપશ્રી ઉદ્યોગરત્ન અને સમાજરત્ન હતા.

બધાના દિલને જીતી લેનાર ને દિલમાં રહેનારા હતા. એમનું વ્યક્તિત્વ અષ્ટપૈલૂ હતું.

આપશ્રી એવું જીવન જીવી ગયા કે મૃત્યુ શરમાઇ ગયું, અંત સમયે પ્રભુનું નામ લેતા ગયા એજ સમાધાન છે. એમણે સુખને કદી છલકાવ્યું નહીં ને દુઃખને કદી દેખાડ્યું નહીં.

**''હૈયું હેતનો હિમાલય, સ્નેહસરિતા સમ વાણી**
**દિલ દુભાય જો કોઇનું, તો આંખમા આવે પાણી**
**હૈયું તેવું હોઠે જેવી પારદર્શક નિખાલસ પ્રકૃતિ**
**મનના માયાળૂ, હૈયાના હેતાળ, અને હૃદયના ઋજુ**

સહુ પર સ્નેહ વરસાવતા તમારી વસમી વિદાયથી શોકમગ્ન છે પરિવાર.

અનંતની યાત્રાએ સિધાવેલ એમના દિવ્ય આત્માને પરમશાંતિ ને મોક્ષલક્ષી રાહ મળો એજ પ્રભુ ચરણે પ્રાર્થના.

**– શ્રી નરસી જેઠાભાઈ દંડ પરિવાર (મલકાપુર)**

Advt.

## ઋણ સ્વિકાર

**પ્રિય**
**જ્ઞાતિજનો, આત્મીયજનો, આપ્તજનો,**

સાદર જય જિનેન્દ્ર....

અમારા પરિવારના આધારસ્તંભ એવા મોભી પ્રિયજન શ્રેષ્ઠીવર્ય શ્રી તિલોકચંદ નરસી જેઠાભાઈ દંડ અરિહંત શરણ થયાના દુઃખદ પ્રસંગે આપશ્રી બધા અમારી સાથે હતા. અમારા દુઃખમા ભાગ લઇ અમને દુઃખ સહન કરવાનું બળ આપ્યું. આપ બધાની આંતરિક સંવેદનાઓએ અમને દુઃખમા સંબલ આપ્યું.

આપની આપેલ દિલદારી સદાય સ્મરણીય રહેશે. આપ બધાના અમે અંતરથી ઋણી છીએ.

આપનો સ્નેહાકાંક્ષી,

**નરસી જેઠાભાઈ દંડ પરિવાર**

**મલકાપુર**

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# શ્રી સાંધવ નગરે ચાર્તુમાસની ભવ્યાતિભવ્ય ઉજવણી

શ્રી સાંધવ નગરે પ.પૂ. મુનિરાજ શ્રી આર્યરત્ન સાગરજી મ.સા.નું ચાર્તુમાસ પ્રવેશ તા. ૪-૭-૨૦૨૦ના થયેલ. કોઠારા, સાંયરા નરેડી થી ભાવિકો સારી સંખ્યામાં પધારેલ. સવારના નવકારશીનો લાભ આપેલ. પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. જીવદયામાં મહાજનશ્રી તરફથી લીલો ચારો નાખવામાં આવેલ. દરેક ભાગ્યશાળી પરીવારો તરફથી રૂા. ૧૦૦ નો સંઘપૂજન કરવામાં આવેલ.

**રૂા. ૧૧૦૦/-ના સંઘ પૂજનના લાભાર્થી પરીવારો :** ૧) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર), ૨) શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુંડ), ૩) માતુશ્રી જમકુબાઇ લાલજી પટેલ (મુલુંડ), ૪) માતુશ્રી રસીલાબાઇ માણેકજી લોડાયા (મુલુંડ), ૫) માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા (મુલુંડ), ૬) માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા (ડોંબીવલી), ૭) માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ (મુલુંડ), ૮) અ.સૌ. શકુંતલા રાયચંદ દંડ (મુલુંડ), ૯) ભવાનજી નરશી દંડ (મુલુંડ), ૧૦) વિરચંદ મેઘજી ખોના (ડોંબીવલી), ૧૧) વિમલાબેન ખીમજી દંડ (વાપી), ૧૨) જ્યોત્સનાબેન દામજી દંડ (ભાંડુપ), ૧૩) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ (મુલુંડ), ૧૪) અ.સૌ. મીનાબેન શામજી લોડાયા (થાણા), ૧૫) અ.સૌ. પ્રિતિબેન પ્રકાશ લોડાયા (થાણા), ૧૬) માતુશ્રી સુશીલાબાઇ બંકીમચંદ્ર મૈશેરી (સાંયરા), ૧૭) રસીકભાઇ દેવરાજ લોડાયા (મુલુંડ), ૧૮) માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ (ભાંડુપ), ૧૯) પદમશી કુંવરજી પટેલ (કોચીન).

**રૂા. ૫૦૦/-ના સંઘપૂજનના લાભાર્થી પરીવારો :** ૧) નવીન દેવણાંધ લોડાયા (મુલુંડ), ૨) કાંતિલાલ ભવાનજી લોડાયા (ભાંડુપ), ૩) રસીલાબાઇ રસીકલાલ ખોના (મોટી ખાવડી), ૪) પ્રિતિબેન ચંદ્રકાંત લોડાયા (અમદાવાદ), ૫) માતુશ્રી કસ્તુરીબાઇ સોમચંદ લોડાયા (સાંધવ), ૬) માતુશ્રી મણીબાઇ ત્રીકમજી દંડ (બાયઠ), ૭) માતુશ્રી તારાબાઇ મણીબાઇ દંડ (કોઠારા), ૮) કિશોર દેવણાંધ લોડાયા (ડોંબીવલી), ૯) માતુશ્રી મધુરીબાઇ શામજી ડાઘા (વરાડીયા), ૧૦) એક સદ્‌ગૃહસ્થ પરિવાર, ૧૧) કાન્તાબેન ખીમજી લોડાયા (લાલા), ૧૨) કસ્તુરીબેન મણીલાલ લોડાયા (ભાંડુપ), ૧૩) કરમશી નરશી દંડ (ભાંડુપ), ૧૪) માતુશ્રી ગોરબાઇ કુંવરજી લોડાયા (સાંધવ), ૧૫) મિથુન ખુશાલ પટેલ હ. રશ્મીબેન મોતા (વારાપધ્ધર), ૧૬) કાન્તીલાલ કાનજી લાલકા (બાંઢીયા), ૧૭) રેવન્તીબેન ચંદ્રકાંત મુનવર (કોઠારા), ૧૮) વિયાન વિનિત ખોના (નલિયા), ૧૯) મિઠીબાઇ સોમચંદ દંડ (કાંજુરમાર્ગ), ૨૦) માતુશ્રી ઝવેરબાઇ પદમશી ખોના (ભાંડુપ), ૨૧) જીયાન, પરાગ જીનેશ આદીત્ય લોડાયા (ડોંબીવલી), ૨૨) કાશ્મીરાબેન બીપીન મોતા (તેરા), ૨૩) કાન્તાબેન ચંદ્રભોજ મોમાયા (સાંયરા), ૨૪) રામજી લાલજી ખોના (ડોંબીવલી), ૨૫) લતાબેન ઝવેરચંદ દંડ, (ભાંડુપ), ૨૬) પદમશી મેઘજી લોડાયા (સાંધવ), ૨૭) માણેકજી લાલજી ખોના (કલકત્તા), ૨૮) માતુશ્રી મધુરીબાઇ રાયચંદ લોડાયા (મુલુંડ), ૨૯) ભાવનાબેન ચંદ્રેશ સોની (જખૌ), ૩૦) ભાવીન મહેશ મોતા (લાલા), ૩૧) માતુશ્રી લક્ષ્મીબાઇ મણીલાલ લોડાયા (લોકાપુર), ૩૨) વિજયાબાઇ ભદ્રીચંદ લોડાયા (રવા), ૩૩) હીરબાઇ નારાણજી લોડાયા (પાલીતાણા), ૩૪) ચાંદની હર્ષ લોડાયા (નલીયા), ૩૫) માતુશ્રી ગુણવંતીબેન નરશી લોડાયા (અમદાવાદ), ૩૬) મીનલ પ્રદીપ ખોના (ગાંધીધામ) ૩૭) શ્રી કોઠારા જૈન મહાજન, (૩૮) શ્રી સાંયરા જૈન મહાજન, ૩૯) માતુશ્રી મણીબેન નવીનચંદ્ર પીર (સુથરી), ૪૦) સુશીલાબાઇ વિસનજી પોલડીયા (સુથરી), ૪૧) કલાબેન દેવકરણ દંડ (તેરા), ૪૨) વિજયાબેન ગોંવિદજી મૈશેરી (લાલા).

**ચાર્તુમાસના લાભાર્થી પરીવાર :** તા. ૩-૭-૨૦૨૦ થી તા. ૫-૮-૨૦૨૦ સુધી દોઢ મહીનાના ચાતુર્માસના દાતા **માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા** (વારાપધર - વાપી) પરીવારે લાભ લીધેલ.

ભાદરવા સુદ ૮ તા. ૨૬-૮-૨૦૨૦ થી કારતક વદ ૧ તા. ૩૦-૧૧-૨૦૨૦ ત્રણ મહિના ચાર્તુમાસ કરવાનો લાભ નીચે મુજબના પરીવારોએ લીધેલ છે.

**ચાર્તુમાસના સુવર્ણ દાતાશ્રી : માતુશ્રી રસીલાબાઇ માણેકજી લોડાયા પરીવાર** (સાંધવ-મુલુંડ)

**મુખ્ય આધાર સ્તંભ પરીવારો :** ૧) અ.સૌ. પ્રિતીબેન પ્રકાશ લોડાયા (થાણા) અને માતુશ્રી વિમલાબાઇ ઠાકરશી પટેલ (મુલુંડ),

**આધાર સ્તંભ પરીવારો :** ૧) અ.સૌ. શકુંતલાબેન રાયચંદ દંડ (મુલુંડ), ૨) માતુશ્રી લિલબાઇ વિસનજી સોની (જખૌ-કાંદીવલી), ૩) માતુશ્રી નવલબાઇ ભવાનજી દંડ (મુલુંડ), ૪) વિરચંદ મેઘજી ખોના (ડોંબીવલી), ૫) માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા (ડોંબીવલી), ૬) માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ (ભાંડુપ), ૭) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (મુલુંડ)

**સહાયક પરીવારો :** ૧) અ.સૌ. પુષ્પાબેન પ્રવિણચંદ્ર લોડાયા (થાણા), ૨) મીત દેવેન નવીન લોડાયા (થાણા), ૩) સાંધવ અતિથિગૃહ, ભોજનશાળા, દેરાસરજી સર્વે સભ્યો તરફથી, ૪) નવીન દેવણાંધ લોડાયા પરીવાર (મુલુંડ), ૫) નાગડા પરીવાર (સાંધવ), ૬) શ્રી કાનજી ભાણજી દંડ પરીવાર (દેવલાલી), ૭) માતુશ્રી લક્ષ્મીબાઇ મણીલાલ લોડાયા (લોકાપુર), ૮) માતુશ્રી રતનબેન હીરાલાલ લોડાયા (ભાંડુપ), ૯) માતુશ્રી ઝવેરબાઇ પદમશી ખોના (ભાંડુપ), ૧૦) માતુશ્રી કુંવરબાઇ કાનજી નાગડા હ. માલતીબેન હીરજી નાગડા (નલીયા), ૧૧) સુશીલાબાઇ, મણીબાઇ, દમયંતીબાઇ, તારાબાઇ, વિજયાબાઇ આરાધક બહેનો, ૧૨) માતુશ્રી ખેતબાઇ સોમચંદ લોડાયા (ડોંબીવલી), ૧૩) ભરત મેઘજી ખોના (ડોંબીવલી), ૧૪) માતુશ્રી જ્યોત્સનાબાઇ દામજી દંડ હ. તનય નિલેશ દંડ (મુલુંડ), (૧૫) કરમશી નરશી દંડ (ભાંડુપ), ૧૬) ગોવિંદજી પટેલની સર્વે બહેનો, (૧૭) માતુશ્રી ગોરબાઇ કુંવરજી લોડાયા (આણંદ), ૧૮) કસ્તુરીબાઇ સોમચંદ લોડાયા હ. લક્ષ્મીબેન શરદ (શેગાંવ), ૧૯) રસીકભાઇ દેવરાજ લોડાયા (મુલુંડ), ૨૦) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ (મુલુંડ), ૨૧) માતુશ્રી જમકુબાઇ લાલજી પટેલ (મુલુંડ), ૨૨) અરવિંદભાઇ મહાદેવ સોલંકી (રાપર), ૨૩) માતુશ્રી નવલબાઇ મણીલાલ દંડ ( ગોરેગામ), ૨૪) માતુશ્રી મધુરીબાઇ શામજી ડાઘા (વરાડીયા), ૨૫) શ્રી જેઠાલાલ ભાણજી દંડ (ડોંબીવલી) પરીવારોએ લાભ લીધેલ છે.

સાંધવવાસીઓ તથા નિયાણી બહેનો તેમજ દર વર્ષે જે આરાધકો આવે છે તે સર્વે જણ ભલે હાલની પરિસ્થિતિના કારણે પહોંચી શક્યા નથી પણ તેઓ સાંધવને ભૂલ્યા નથી આવા સર્વે પરીવારોનું સાંધવ મહાજન ખુબ ખુબ આભાર માને છે.

માર્ચ મહિનાથી સાંકળી આયંબિલ ચાલુ છે. તા. ૩૦-૯-૨૦ સુધી ૫૧૫ આયંબિલ થયા છે. આયંબિલ તપવાળા દરેક જણને રૂા. ૫૦/-ની પ્રભાવના કરવામાં આવેલ. પ્રવેશ વખતે સંઘ પૂજનનો લાભ લીધેલ તેમજ ભાગ્યશાળી પરીવારોએ પુજારી ફાળામાં, સાધારણમાં, જીવદયા અને તપસ્વી બહુમાનમાં સારો એવો ફાળો લખાવેલ છે તે બદ્દલ તેમની ખુબ ખુબ અનુમોદના.

અઠ્ઠાઇ તપ આરાધકોના નામ ૧) અ.સૌ. રેખાબેન દીલીપ લોડાયા (સાંધવ), ૨) વૈશાલી દિલીપ લોડાયા (સાંધવ) ૩) અ.સૌ. તનવી પંકજ ડાઘા (વરાડીયા), ૪) મોહીત હરીન છેડા (જસાપર), ૫) સિધાર્થ મંગલ લાલકા (વારાપધર), ૬) ગૌરવ પંકજ ડાઘા (વારાપધર).

**મિચ્છામિ દુક્કડમ.**

**લી. પ્રવિણ કુંવરજી મોતા** (સાંધવ-ડોંબીવલી)

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# શ્રી સાંધવ નગરે પર્યુષણ મહાપર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી

શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ. મુનિરાજ શ્રી આર્યરત્ન સાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં પર્વાધિરાજ મહાપર્વમાં તપ-જપની આરાધનાઓ હાલના સરકારના નિયમો મુજબ થયેલ. સારી એવી સંખ્યામાં આરાધકોએ આરાધના કરેલ.

**પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિના લાભાર્થી પરીવારો :**

**મુખ્ય દાતાશ્રી :** શ્રી વિરચંદ લાલજી લોડાયા (પટેલ) પરીવાર (આદીપુર), **સહાયક દાતાશ્રી :** અ.સૌ. દમયંતિબેન ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર) અને સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરીવાર (મુલુંડ) લાભ લીધેલ.

**કલ્પસુત્ર ઘરે પધરાવવાનો લાભ :** શ્રી દામજી નરશી દંડ પરીવાર ૧૧૧૧ મણ અને પ.પુ. મ.સા.ને કલ્પસુત્ર વહોરાવવાનો લાભ ૧૧૧૧ મણમાં શ્રી દામજી નરશી દંડ ના પૌત્ર-પૌત્રી, જીલ, તનય, ભવ્ય, દોહીત્રી ખુશી, કીયા, કાવ્યા. ભાદરવા સુદ પના **બારસાસૂત્ર વહોરાવવાનો લાભ :** પ્રેક્ષા પ્રિયાંક દેવેન્દ્ર ખોના પરીવાર (ઘાટકોપર). **કુમારપાળ મહારાજા બનવાનો લાભ :** અ.સૌ. જ્યોતિબેન નિલેશ દંડ. છઠ્ઠના દિવસે **રંગમંડપ ખોલવાનો તેમજ ગંભારો ખોલવાનો લાભ :** માતુશ્રી ઝવેરબાઇ પદમશી ખોના પરીવાર (ભાંડુપ). **મોક્ષની બારી ખોલવાનો લાભ :** શ્રી ભવાનજી નરશી દંડ, કરમશી નરશી દંડ, દામજી નરશી દંડ હસ્તે ઉત્તમ દંડ (મુલુંડ)

## સ્વપ્ન ઝુલાવવાના અને પધરાવવાના ભાગ્યશાળી પરીવારો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગજવર | ઝુલાવવાનું | માતુશ્રી જયાબાઇ લક્ષ્મીચંદ દંડ (ભાંડુપ) | કળશ | ઝુલાવવાનું | માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (મુલુંડ) |
| | પધરાવવાનુ | મીનલ પ્રદીપ ખોના (ગાંધીધામ) | | પધરાવવાનું | માતુશ્રી રસીલાબાઇ માણેકજી લોડાયા (મુલુંડ) |
| વૃષભ | ઝુલાવવાનું | ઠાકરશી લાલજી પટેલ (સાંધવ) | પદમ સરોવર | ઝુલાવવાનું | માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા (ડોંબીવલી) |
| | પધરાવવાનું | મીનલ પ્રદીપ ખોના (ગાંધીધામ) | | પધરાવવાનું | માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા |
| કેસરી સિંહ | ઝુલાવવાનું | મીતેશ લક્ષ્મીચંદ દંડ (ભાંડુપ) | | | હ. તેજસ મોતા (ડોંબીવલી) |
| | પધરાવવાનું | મીર મેહુલ મણીકાંત નાગડા (તેરા-આબુધાબી) | વહાણ | ઝુલાવવાનું | માતુશ્રી રસીલાબાઇ માણેકજી લોડાયા (મુલુંડ) |
| મહાલક્ષ્મીજી | ઝુલાવવાનું | શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર) | | પધરાવવાનું | શ્રી ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ) |
| | પધરાવવાનું | કેવલ વિરચંદ ખોના તથા | દેવવિમાન | ઝુલાવવાનું | શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુંડ) |
| | | તનિષા હીમાંશુ વિરચંદ ખોના (ડોંબીવલી) | | પધરાવવાનું | ભરત મેઘજી ખોના (ડોંબીવલી) |
| ફુલની માળા | ઝુલાવવાનું | શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર) | રત્નની રાશિ | ઝુલાવવાનું | શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુંડ) |
| | પધરાવવાનું | શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર) | | પધરાવવાનું | મીનલ પ્રદીપ ખોના (ગાંધીધામ) |
| ચંદ્રમા | ઝુલાવવાનું | અ.સૌ. પ્રિતિબેન પ્રકાશ માણેકજી લોડાયા (થાણા) | અગ્નિશિખા | ઝુલાવવાનું | માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ (મુલુંડ) |
| | પધરાવવાનું | માતુશ્રી જમકુબાઇ લાલજી પટેલ (મુલુંડ) | | પધરાવવાનું | શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુંડ) |
| સુરજ | ઝુલાવવાનું | કનિષ્ક મેહુલ મણીકાંત નાગડા (તેરા-આબુધાબી) | પારણું | ઝુલાવવાનું | દેવાંશ સમીર શામજી દંડ |
| | પધરાવવાનું | માતુશ્રી મધુરીબાઇ શામજી ડાઘા (વરાડીયા-સાંધવ) | | પધરાવવાનું | શ્રી ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ) |
| ધર્મની ધ્વજા | ઝુલાવવાનું | શામજી માણેકજી લોડાયા (થાણા) | સ્વપ્નની આરતી | | યજ્ઞા જયેશ લોડાયા (મુલુંડ) |
| | પધરાવવાનુ | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ | મંગળદિવો | | પ્રિયાંશી, દેવાંશી, પ્રિશા જયેશ લોડાયા (મુલુંડ) |

સ્વપ્નનું ટોટલ ધૃત ૮૬૧૨૬ મણ અને ટોટલ ધૃતમણ ૧૨૦૧૪૮ થયેલ. ચોથના દિવસે તપસ્વીઓની સમુહ સાંજી રાખવામાં આવેલ. સર્વે ભાગ્યશાળી પરીવારો તરફથી સારો એવો ફાળો જમા થયેલ. અઠ્ઠાઇ તપ રૂા. ૧૬૦૦/-, અઠ્ઠમ તપ રૂા. ૪૦૦/-, છઠ તપ રૂા. ૨૫૦/-. આયંબિલવાળાને રૂા. ૯૦૦/-, ૪૫ એકાસણાને ૨૫૦/-, આઠ એકાસણા રૂા. ૧૫૦/- ની પ્રભાવના તેમજ નાની મોટી તપસ્યાવાળાઓની પણ અનુમોદના કરવામાં આવેલ. પૂજારી તેમજ દેરાસરજી સ્ટાફ, રસોડા સ્ટાફ સર્વેની અનુમોદના કરવામાં આવેલ. પ્રભુજીની ભવ્યાતિભવ્ય અંગરચના કવિત ખોના, સમતા ખોના, વૈશાલી લોડાયાએ કરેલ. આંગી કરવાનો લાભ શ્રી દામજી નરશી દંડ અને કસ્તુરીબેન લાલજી પટેલ પરીવારોએ લીધેલ.

અઠ્ઠમ તપ ૪ જણ, છઠ્ઠ તપ ૩ જણ, ૪૫ એકાસણા ૭ જણ, આયંબિલવાળા ૩ જણ, આઠ એકાસણા ૮ જણ. ચાર્તુમાસ દરમ્યાન રોજ સ્નાત્ર પૂજા ભણાવનાર તેમજ આઠ દિવસ પગરખા પહેરેલ નહીં, તેમની અનુમોદના કરવામાં આવેલ, તેમજ પર્વ દરમ્યાન રાઇ પ્રતિક્રમણ પ્રભુજીની પક્ષાલ પૂજા, સ્નાત્ર પૂજા, મહામંત્ર ધૂન, ભક્તામર લક્કી ડ્રો, (૬૦ ડ્રો), પ.પૂ. મ.સા. મુખેથી કલ્પસૂત્ર વાંચન, સાંજે પ્રતિક્રમણ, ભાવના અને વ્યાખ્યાનમાં રૂા. ૮૦ થી ૧૦૦ની પ્રભાવના, પ્રતિક્રમણમાં રૂા. ૩૦ થી ૫૦ની પ્રભાવના કરવામાં આવેલ. પર્વ પર્યુષણને સફળ બનાવવા પંકજ ડાઘા, પ્રદિપ ખોના, મણીલાલ ખોના, રાજેશ પટેલ, રાજેશ દંડ, ખિરેશ ડાઘા, વિશાલ લોડાયા, નિલેશ ખોના, મહેશ ધરમશી, પ્રફુલ દંડ, સમતા ખોના, કલ્પનાબેન લોડાયા, રસીલાબેન ખોના, મીનલ ખોના, મીના ખોના, જયશ્રી પટેલ, ભાવના પટેલ, તનવી ડાઘા, સર્વે જણાએ જહેમત ઉઠાવેલ. ધૃત બોલીના ચડાવા ભક્તામર લક્કી ડ્રો અને પ્રભાવનાઓમાં ઉલ્લાસભેર સંઘે લાભ લીધેલ. ચાર્તુમાસમાં ૩૦ થી ૩૫ જણની સંખ્યામાં આરાધકો આરાધના કરી રહ્યા છે. જપ-તપ ની આરાધના ચાલુ છે.


પાંચ મહિના ચાર્તુમાસ દરમિયાન રોજ શ્રી શાંતિ નવયુગ જૈન મિત્ર મંડળ, સાંધવ જૈન સંઘ, માતુશ્રી નવલબાઇ ભવાનજી દંડ, શેઠશ્રી ચાંપશીભાઇ માણેકજી લોડાયા, શેઠશ્રી શામજી નરશી દંડ, માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા, રસીલાબાઇ માણેકજી લોડાયા પરિવારો તરફથી રાઇ પ્રતિક્રમણ, સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન પ્રભાવના, દેરાસરજીમાં જાપ, સામાયિક, આયંબિલ, ઉપવાસ, એકાસણાની પ્રભાવનાઓ દરરોજ કરવામાં આવે છે.

ભાગ્યશાળી પરીવારોના સભ્યોના જન્મદિન, લગ્નદિવસ, પૂણ્યતિથિ નિમિત્તે પ્રભાવનાઓ કરવામાં આવેલ છે. સર્વે દાતા પરીવારોનો શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ ખુબ ખુબ અનુમોદના કરે છે.

**લી. પ્રવિણ કુંવરજી મોતા** (સાંધવ-ડોંબીવલી)

Advt.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨૦



લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ...)

કોઈપણ ધર્મને સમજવો, પામવો અને સમજાવવો એ અતિ દુષ્કર કાર્ય છે. વર્ષોથી કેટલાયે લોકોએ મુશ્કેલ સાધના, તપશ્ચયા કરી છે પણ ધર્મનો મર્મ પામી શક્યા નથી. જ્યારે કબીર, રહીમન, સંત તુકારામ, નરસિંહ મહેતા અને મીરાબાઈએ તો ''મેરે તો ગિરધર ગોપાલ દુસરો ન કોઈ''માં આતેપ્રોત થઈ ધર્મને પામી ગયા છે.

ધર્મ પામવા માટે થોડું જિજ્ઞાસુ મન હોય અને ઝીણવટથી અવલોકન કરવાની ટેવ હોય, વિવિધ વિષયો પર વિચાર કરવાની થોડી પણ આવડત હોય તો અવશ્ય વિચાર આવે કે ધર્મ એટલે શું ?

પ્રત્યેક ધર્મનાં બે રૂપ હોય છે (૧) વિચાર, (૨) આચાર. જૈન ધર્મનાં વિચારોનું મુળ છે અનેકાન્ત અથવા સ્યાદ્વાદ અને તેના આચારનો આધારસ્તંભ છે અહિંસા...

**અહિંસા :-**

'અહિંસા પરમો ધર્મઃ' જૈન ધર્મમાં અહિંસાને સૌથી ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. તેની અત્યંત સૂક્ષ્મ વ્યાખ્યા અને વિવેચન આપવામાં આવ્યું છે.

જૈન ધર્મ માને છે કે કોઈપણ હરતાં-ફરતાં કે એક જ જગ્યાએ ઊભેલા જીવની હિંસા ન કરવી જોઈએ. આપણાથી ઊઠતા-બેસતા, ચાલતા-ફરતાં, ઊંઘતા-જાગતા, ખાતા-પીતા અને બોલતી વખતે અસંખ્ય નાના જીવોની હિંસા થતી હોય છે. આ સૂક્ષ્મ હિંસાથી આપણે બચવું જોઈએ અને તે માટે જૈન ધર્મમાં 'જયણા' શબ્દ આપવામાં આવ્યો છે. જયણા એટલે જાગ્રતપૂર્વક, વિવેકપૂર્ણ, અહિંસક વ્યવહાર. જૈન ધર્મમાં સ્થૂળ હિંસાને તો પાપ માનવામાં આવે છે. પરંતુ ભાવહિંસાને સૌથી મોટું પાપ ગણવામાં આવે છે. 'કર્યું, કરાવ્યું અને અનુમોદ્યું' એ ત્રિપદા જૈન ધર્મીઓ ખાસ માને છે. કોઈ પણ હિંસક કામ યા દુષ્કૃત્ય કરીએ યા કોઈ પાસે કરાવીએ અથવા કોઈ કરતું હોય તેને સમર્થન આપીએ તો તે ઘોર હિંસા છે. જૈન ધર્મમાં એ વાત ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે કે જીવનમાં જો અહિંસાનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવે તો સંસારના દરેક પ્રાણી માત્રને વધુમાં વધુ સુખ મળે. સૂક્ષ્મ હિંસાથી બચવા માટેનો નાનકડો દાખલો રાત્રિભોજનનો છે. રાત્રિના અંધારામાં સૂક્ષ્મ જીવો જોઈ શકાતા નથી માટે જૈન ધર્મમાં રાત્રિભોજનનો ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે.

**તપસ્યા :-**

જૈન ધર્મમાં તપસ્યાને બહુ જ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. એમ કહે છે કે અહિંસા, સંયમ અને તપ એ જ ઉત્કૃષ્ટ મંગળ છે. તપસ્યામાં જૈન મુનિઓને કોઈ પહોંચી શકે તેમ નથી. તપસ્યાનો આધારસ્તંભ છે સદાચાર. સદાચારમાં પંચમહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓ મળીને તેર પ્રકારનું મુનિ-ચારિત્ર્ય દર્શાવવામાં આવ્યું છે.

**વ્રત** : વ્રત પાંચ છે : (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય (ચોરી ન કરવી.), (૪) અપરિગ્રહ, (૫) બ્રહ્મચર્ય. આ પાંચ વ્રતોમાં જૈન ધર્મનો સાર આવી જાય છે.

**(૧) અહિંસા** : આજે જે વાત પર્યાવરણવાદીઓ કરે છે તે વાત પ્રભુ મહાવીરે ૨૫૦૦ ઉપરાંત વર્ષો પહેલાં કરી હતી કે આ જગતના સર્વ જીવો સૌ સૌના સ્થાને યોગ્ય રીતે છે. તેમની હિંસા ન કરતાં, નહીં તો સંસારની સમતુલા ખોરવાઈ જશે.

(૨) સત્ય : સત્ય બોલવાથી સંસારની ઘણી આંટીઘૂંટીમાંથી બચી જવાય છે માટે હંમેશા સત્ય વચન બોલવાનો આગ્રહ રાખવો.

(૩) અસ્તેય : ક્યારેય કોઈની ચીજ આંચકી ન લેવી યા તેની ચોરી ન કરવી. જે આપણું નથી તેના પર આપણો અધિકાર નથી.

(૪) અપરિગ્રહ : જૈન ધર્મ કહે છે કે દરેક વ્યક્તિએ પોતાને વાપરવાની ચીજો ઉપર એક મર્યાદા નક્કી કરવી જોઈએ - તેથી વધારે ન વાપરવું જોઈએ. જેથી દરેક વસ્તુ દરેક વ્યક્તિને મળી રહે.

(૫) બ્રહ્મચર્ય : જૈન ધર્મમાં મુનિઓ માટે બ્રહ્મચર્ય પાલનના કડક નિયમો છે. જ્યારે ગૃહસ્થ માટે એમ કહેવાયું છે કે તેણે સ્વ-દ્વારા, પોતાની પત્ની સિવાય બીજા સાથે યૌનસંબંધ ન બાંધવો જોઈએ. આમ જોવા જઈએ તો આ પાંચે વ્રત જો પાળવામાં આવે તો સમાજમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપોઆપ આવી જાય.

ઉપર મુજબ તેમજ ગતાંકમાં વર્ણવ્યા મુજબ જૈન ધર્મના કેટલાક મુળભુત સિદ્ધાંતોને જાણ્યા પછી તેમને સમજવા માટે કેટલીક ધાર્મિક ક્રિયાઓ, અને કેટલાક સૂત્રોનો સહારો લઈશું.


પ્રતિક્રમણ એક એવી ક્રિયા છે જે અંતરના પાપોને ધોવાનું કામ કરે છે અને એ પાપો ફરીથી ન થાય તે માટે સંકલ્પ કરે છે. આ વિષય ઉપર અન્ય ધર્મોની સાથે સરખાવી આગલા કેટલાક અંકોમાં ચર્ચા કરીશું... જૈન આજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્. (આ અંક શ્રી આદિત્ય વાસુના ''વિશ્વના ધર્મો''ના આધાર ઉપર તૈયાર કરેલ છે.)

વધુ આવતા અંકે...

વિચાર વર્તુળ

# અંતિમ પડાવ

- પ્રવિણ ભારમલ લોડાયા, વડોદરા



જીવનના એક પડાવ ઉપર આપણે બધાં વિચારીએ છીએ કે આપણે જે કાંઇ કર્યું તે પર્યાપ્ત છે ? મેં મારા જીવનનું ધ્યેય પ્રાપ્ત કર્યું ? અને મેં શું ન મેળવ્યું અને મેં શું ન કર્યું જે કરવું જોઇતું હતું. હવે બાકી બચેલા જીવનમાં મારે શું કરવું જોઇએ ? હું આપણી જ્ઞાતિના કેટલાક વડીલોના ઇન્ટરવ્યું લેવા ઇચ્છતો હતો ત્યાં જ અચાનક આ જ વિષય શ્રી પ્રવિણભાઇ લોડાયાનો લેખ મળ્યો. પ્રવિણભાઇ... આપને મારો ટેલીપથી સંદેશ મળી ગયો અને આપે લેખ મોકલાવી આપ્યો એ બદલ આભાર.

– ડૉ. હીરાચંદ દંડ

માનવ કૃત્રિમ, દંભી અને બીજાની નજરે ચઢિયાતો અને સુખી છે એ બતાવવામાં તેનું પોતાનું જીવન ક્યારેય જીવતો નથી. ભૌતિક તેમજ આધ્યાત્મિક સમન્વય સાથેનું સદાબહાર જીવન જીવવા કરતા પૂર્ણ સમય ભારોભાર સંસારી ખટપટ, ચાલાકી, ઈર્ષ્યા અને ક્ષુલ્લક વિચારોમાં જ મોટા ભાગનું આયુષ્ય પુરૂં કરી દે છે.

બહોળો સમુદાય આવા વ્યક્તિ સમૂહ જોડે જીંદગી વિતાવી લે છે. ઈશ્વરની અમુલ્ય ભેટ સમાન મજાના જન્મને, જીવનને એમ જ હેતુ વિહીન વેડફી નાખે છે.

મેં પણ આનું જ્ઞાન નહોતું થયું ત્યાં સુધી જીવનની મહત્તા સમજ્યા વગર કેટલાયે વર્ષો વેડફી નાખ્યા, કહો કે જીવન આખું વેડફી નાખ્યું. મારો આત્મા કંઇ જેવો તેવો નથી. તે માંડ પ્રાપ્ત થાય છે. મારે જગતના આ અમુલ્ય મળેલ ફેરા દરમ્યાન જીવનનું રત્ન પામવું છે.

મારે હમણા જ્ઞાન થયું કે મારા ઉદ્દેશ દરમ્યાન યોગ્ય માર્ગદર્શન કે સાચી પ્રેરણા નહીં મળ્યા કે પછી યુવા ઉમરનો કેફ હોવાને કારણે મેં જીવનના કેટલાક દાયકાઓ એમજ વેડફી નાખ્યા. યંત્રવત જીવતો રહ્યો. ન પ્રકૃતિને માણી કે ન મળવા જેવા માણસોને મળ્યો. કોઇ શોખ, કોઇ રસ, કોઇ રૂચી નહીં, ફક્ત સમાજ, સમાજ અને સમાજ. ઘરની સ્ત્રી, બાળકો કોઇને સમય આપ્યો નહીં હવે બધુ યાદ આવી રહ્યું છે.

નિરર્થક ચર્ચા, કૂથલી, ગંદુ રાજકારણ, સમાજની નજરે મારી મૂલવણી થાય કે ન થાય તેની પરવા ત્યજી હું માત્ર નિજાનંદ, જીવન ધ્યેય માટે બાકીનું જીવન જીવીશ.

મારે મારી નજરે ખરૂં ઉતરવું છે. જેઓ મને નથી સમજી શકતા તેઓ તે બાબતના અજ્ઞાની હોય તો તેઓ કઇ રીતે પારખી કે દાદ આપી શકે ? અત્યાર સુધી હું સમાજની વાહ અને પ્રતિભાવ માટે જ જીવ્યો. હવે અપેક્ષાઓથી મુક્ત બની ગયો છું.

મીટીંગો અને મેળાવડામાં ઓળખ ઉભી કરવા કે જાળવવામાં કેટલો શ્રમ અને તણાવ વેઠ્યો. હવે બધું છોડી મારે મારા સ્વ માટે જીવવું છે. છવાઇ જવા કે વિસ્તરવાની જગાએ સંકોચાઇ જઇને ખલેલ વગરની આંતરિક મસ્તીથી લથપથ થવું છે.

એવી તમામ વ્યક્તિઓ કે જેઓ લાગણી વગરની બુદ્ધી અને એક તરફી ફાયદા ઉઠાવતી સ્વકેન્દ્રી છે જે મારી નજરે 'એબ્સર્ડ' છે તેઓ અંગે વિચારીને કે સમય બગાડીને હું મારી ગતિ અને મસ્તીમાં હવે વિચલીત થવા નથી માંગતો. આ એ બધા લોકો છે કે જેઓ વૃધ્ધ થતા જાય છે પણ પ્રબુધ્ધ થવા અંગેનો વિચાર સુધ્ધાં નથી કરતા. આવા જડ વિચારસરણી ધરાવતા લોકો સાથે પણ હું સમય બગાડવા ઇચ્છતો નથી.

હવે હું એવા વ્યક્તિઓ અને સમૂહ જોડે જ વધુને વધુ સમય અને સંપર્ક રાખીશ કે જેઓમાં માનવીય અભિગમ, ઉદારતા, પ્રામાણિકતા, તેમની ભૂલ સ્વીકારવાની સરળતા, સંવેદના, સભ્યતા અને સાલસતા સમાયેલી હોય.

વાણીમા વિવેક ન હોય, વિચારોથી હલકા, તેમજ અહંકારીઓથી દૂર રહીશ. જેઓ પોતાની હાર પર હસી શકે, બીજાને ભરપૂર સન્માન આપે અને નમ્ર હોય તેવી વ્યક્તિઓનું જ વર્તુળ બનાવી તેઓ વચ્ચે રહીશ.

જેમાંથી કંઇકને કંઇક શીખી શકાય અને જેઓને જ્યાં છે ત્યાંથી ઉપર તરફ જવું છે તેઓ જોડે જ રહેવું અને તે અંગે વિચારવું. જેઓ પોતાના જ બણગા ફૂંકે રાખે અને તમારા અસ્તિત્વની નોંધ જ ન લે તેઓને માનસપટલમાંથી જ કાઢી નાખીશ તો જ હું મારા ધ્યેયમાં તનાવ મુક્ત રહીને આગળ વધી શકીશ.

મોડે મોડે પણ મારામાં ડહાપણ આવ્યું છે. હજુ સમય છે કે જેમાં હું જીવનના વિવિધ પાસાઓ મન ભરીને માણી શકીશ. મારા ગમતા શોખ, ખ્વાહીશ અને અવનવા ખેડાણ ખેડીશ. આના માટે સૌથી અવિવાર્ય એક જ બાબતે છે કે નિરર્થક કંઇ કરવું નહીં.

હું જેને ચાહું છું તેની સાથે બાકીનું જીવન જીવનના જુદા જુદા રંગો સાથે ભરપુર વિતાવીશ. મારે કોઇનું સર્ટિફિકેટ નથી જોઇતું. બસ, મારા સ્વયંના આત્માને સંતોષ થવો જોઇએ. આપણા સૌને એક જ જન્મમાં બે જીવન મળેલા છે, પણ બીજા

જીવનની આપણને ત્યારે જ ખબર પડે છે જ્યારે તે જ બાકી રહ્યું હોય. મોટા ભાગના તો આજીવન નવોદયના જ્ઞાન વગરના પ્રથમ તબક્કા જેવા પામર અને તુચ્છ જીવન સાથે પોતાની જીવનલીલા સંકેલી લે છે.

મને મારા સામાજીક જીવનમાં જે અનુભવ થયા છે તે આપની સમક્ષ શેર કરૂં છું. ૪૦ વર્ષમાં ઘણા કડવા-મિઠા અનુભવ થયા. ભણેલા-ગણેલા માણસમાં ઈર્ષા અને અભિમાનના અવગુણ જોવા મળ્યા. સામે અભણ માણસમાં પણ ઈર્ષા અને ઝેર જોવા મળ્યા. બન્નેમાં કાંઇ ફરક નહીં. ફક્ત પૈસા બનાવવા માટે જ આપણે ભણીએ છીએ માનવતાના કોઇ મુલ્યની પરવા નથી એવું મને લાગ્યું.

એવી વ્યક્તિઓ પણ મળી જેમણે થોડા પૈસા માટે ૨૦/૨૦ વર્ષની દોસ્તીને છેહ દીધો. દગો દીધો. વિશ્વાસઘાત કર્યો. ત્યારે ઘણા એવા સંતાનો પણ જોવા મળ્યા જેમણે પોતાના પિતાના ઋણ ફેડીને લોકોને આશ્ચર્યમાં નાખ્યા.

મેં પણ આવા ભાતભાતના લોકો વચ્ચે સમાજની મારાથી બનતી સેવા કરી. રામાયણમાં તુલસીદાસ ક્ષમાને અગ્નિ કહે છે. આપણા શાસ્ત્રોમાં, ક્રોધને, રાગ, દ્વેષને અગ્નિ કહી છે. પરંતુ તુલસીદાસે એક ડગલું આગળ વધીને ક્ષમાને અગ્નિ કહી.

કોઇ તમારા પર સંદેહ કરે, કોઇ તમારા પર આરોપ નાખે, કોઇ તમારા વિશે ગેરસમજ કરે અને તમે સાચા હો તો એ સમયે તુલસીદાસ કહે છે કે એમના સંશયને ક્ષમાના અગ્નિમાં ખતમ કરી નાખો. ક્ષમા કરી દો, ક્ષમા અગ્નિ છે, શીતલ અગ્નિ છે.

તમારા વિશે કોઇ ખોટી વાત કરે, કોઇ રાગ દ્વેષ કરે, કોઇ કઠોર વચન કહે તો એને યાદ ન કર્યા કરો. એણે મારા માટે આવું કહ્યું હતું!

એણે મારી આવી નિંદા કરી હતી ! એવું યાદ ન કરો. એને ખતમ કરી નાખો તો જ સમાજના કામ કરી શકો. આ જ સિધ્ધાંતને હું અનુસર્યો.

છેલ્લા ૨૦ વર્ષથી હું પ્રકાશ-સમીક્ષામાં લખું છું ઘણા જ્ઞાતિ બંધુઓને ગમ્યું ઘણા નારાજ થયા. હું બધાને મિચ્છામિ દુક્કડમ કહું છું.

તેમજ સ્વ. સનત ભાઇ, સ્વ. આર. આર. ભાઇ અને હમણાના તંત્રીશ્રી હીરાચંદભાઇ બધાનો આભાર માનું છું જેમણે મને બહુજ સપોર્ટ કર્યો. આર.આર.એ તો મારા ઘણા લેખોને પોતાના એડિટર પેજ ઉપર સ્થાન આપ્યું અને માન આપ્યું. જે હું ભુલી શકતો નથી.

હવે તબિયતના કારણે હું લેખ લખી શકતો નથી તે બદલ માફી માંગુ છું.

અલવિદા, પ્રકાશ-સમીક્ષા અને વાંચકગણ.

***


॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ॥





## શ્રી તેરા નગરે (તીર્થે)

**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા અને ધ્રુફી ગામવાસીઓ**

જિનશાસન શિરોમણી, તપ પ્રભાવક, અચલગચ્છાધિપતિ-પ.પૂ.આ.ભ. શ્રીમદ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની આપણા ગામના પરમ ઉપકારી, સ્વાધ્યાય પ્રેમી પ.પૂ. નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુશિષ્યા શાસન પ્રભાવીકા પ.પૂ. વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા, મિતભાષી પ.પૂ. વિશ્વપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા, પ.પૂ. કોમલગિરાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સિધ્ધગિરાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પુર્ણાવતીએ ત્રિહાન્હિકા મહોત્સવ કારતક સુદ-૧૩ થી કારતક સુદ-૧૫ દરમ્યાન રાખવામાં આવેલ છે.

**કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.**

| કારતક સુદ ૧૩ | કારતક સુદ ૧૪ | કારતક સુદ ૧૫ |
|---|---|---|
| શુક્રવાર, તા. ૨૭-૧૧-૨૦૨૦ | શનિવાર, તા. ૨૮-૧૧-૨૦૨૦ | રવિવાર, તા. ૨૯-૧૧-૨૦૨૦ |
| શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂષ્પ પૂજા અનુષ્ઠાન | શ્રી પાર્શ્વનાથ મહા પ્રભાવના + સ્ત્રોત સહિત શ્રી જીરાવલ્લા-પાર્શ્વનાથના અખંડ ધારાએ અભિષેક અને રાત્રે મહાકાલી માતાજીની ભાવના | ચાતુર્માસ પુર્ણાવતીએ વ્યાખ્યાન ત્યારબાદ શ્રી સિધ્ધાચલના ૧૦૮ ખમાસણા, સમુહ સ્નાત્ર પૂજા |

- ત્રણે દિવસ કાર્યક્રમનો સમય સવારના ૯.૩૦ કલાકે થી શરૂ થશે.
- બીજા દિવસે અખંડ ધારાએ અભિષેક કરાવવા માટે વિધીકાર - શ્રી દિનેશભાઇ બી. ગાંધી, અમદાવાદથી પધારશે.

તા.ક.: વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઇ હાલ, સમય સંજોગ અનુસાર તકેદારીપૂર્વક પધારવા ભાવભર્યું આમંત્રણ.





**લી. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન - તેરા**
**શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ ના જય જિનેન્દ્ર**

# ડૉ. માનસીબેન લોડાયાને સ્વજનો અને સ્નેહીઓ તરફથી છ માસિક પુણ્યતિથિએ શબ્દાંજલિ

**જન્મ : તા. ૧૭/૧૧/૧૯૩૪ • અરિહંત શરણ : તા. ૧/૦૫/૨૦૨૦**



માં! તું જ તારા, ત્રિગુણ ધારા માં! તું દીનમયી,
તું દુર્ગમના દુઃખહરા
જળ સ્થળે તું આદ્ય તું રહી છે માં સર્વ ઘરે તું જ બિરાજે, સાકાર આકાર નિરાકાર
તું સંધ્યા, તું ગાયત્રી તું જ જગદાત્રી છો માં!
તું જ અફલન પાર કરાવે માં સદા શિવની મનોહરા!

**– જગતસિંહ દેવશી લોડાયા (શાહ)** કોઠારા, ઘાટકોપર

આજીવન પરિવાર પર તેં વરસાવેલા પ્રેમ અને હૂંફ અમારે માટે તારું સંભારણું બની રહેશે. પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**– અ.સૌ. લીલા જગતસિંહ લોડાયા (શાહ)** કોઠારા, ઘાટકોપર

## પ્રિય બેન માનસીને અર્પણ

પિતાતુલ્ય કાકા બોલાવતા સરી અને માનુ, નામ તો હતા સરલા અને માનસી ! નીતરતા પ્રેમના પ્રવાહે બનેં નામો અમને લાગ્યા મીઠા ! ભણ્યા ગણ્યા ને થઈ ગયા મોટાં. જીવન રાહ બદલાઈ ગયી, ચાલ્યા સાસરવાટ. છતાં પણ બગીચામાં ફરતા ફરતા વિચારોની આપલે થઇ જતી. શબ્દકોષના ચોકડા ભરતા ભરતા,શબ્દોની મારામારી થઇ જતી! ઘણીવાર જૂના ગીતો અને ગુજરાતી ગદ્ય પદ્ય પર ચર્ચા કરતા ગાઈ લેવાનું મન થઇ જતું.
જનની ની જોડ સખી નહીં જડે રે લોલ....
જોવાતા ડુંગરા ને જોવીતી કંદરા..
રોતા ઝરણાની આંખ જોવી હતી...

લોનાવલાની હરિયાળીમાં ફરવું અને ભક્તિ કરવી બંનેના હૃદયને સ્પર્શી જતું ! આવા તો ઘણા સંસ્મરણો આપણા જીવનમાં અંકિત થઈ ગયા! આજે યાદ કરીને ખુશ થવા માટે તમે નથી. પ્રત્યક્ષ નથી પણ યાદોમાં મારી સાથે છો. એ બધા સંસ્મરણોમાંથી વીણીવીણી ને બનાવેલી પુષ્પોની માળા દ્વારા તમને પુષ્પાંજલિ અર્પણ કરૂં છું.

**– સરલા જયચંદ લોડાયા** (નલિયા, ચેમ્બૂર)

## પ્રિય બહેન માનસીને અર્પણ

દાદાને આંગણે એક વટવૃક્ષને ઓટલે આપણે બધા ભેગા થયા, માતાઓ, ભાઈઓ, બેહેનો, ભત્રીજા, ભત્રીજી, ભાણેજ, ભાણેજી બધા સહુને મળીને બહુ ખુશ હતા.એક બીજાના ખબર અંતર પૂછીને સાથે બેસી ને અલક મલકની વાતો કરે છે. આપણાથી વિખુટા પડેલા સ્વજનોને સ્મરંણજલિ અર્પણ કરી વંદન કરે છે.

છુટા પડતા પહેલા બધા એક બીજાને જાઈ, જૂઈ ચમેલીની વેલની જેમ વીંટળાઈ ગયા! પણ આજે તમે નથી, તમારી ઘણી બધી વાતો અને યાદો અમારા સ્મરણમાં છે. આ સ્મરણોમાંથી પ્રેમના ધાગે પરોવેલા પુષ્પોની માળા તમને સ્મરણાંજલિ રૂપે અર્પણ કરતા તમારા સ્વજનો, કુટુંબીજનો, મિત્રો અને સ્નેહીઓ.

**– સરલા જયચંદ નરસી લોડાયા પરીવાર • માલતી લહેરચંદ મણીલાલ ધુલ્લા • દમયંતી જયચંદ ચંદુલાલ ખોના પરિવાર • જયશ્રી નિખિલ હિરજી નાગડા • વીણા પ્રવીણ લોડાયા પરિવાર • ભારતી તિલકચંદ કુંવરજી લોડાયા • સાધના ડાયાભાઇ ખીમજી ધુલ્લા • લીના નૈય્યર ઈદ્રસ પરિવાર • સંધ્યા ધીરેન ડાયાભાઇ ધુલ્લા પરિવાર**

પૂજ્ય માનસીબેનનું નામ લેતા તેમનો સૌમ્ય ને પ્રફુલ્લિત ચેહેરો સામે આવે છે. તેઓ એક અનેરી વ્યક્તિ હતા. તેમનો કોમળ અને મૃદુતાસભર વ્યક્તિત્વ ક્યારેય ભૂલી શકાય નહિ. હંમેશા મદદ કરવા તત્પર રેહવું, સાચી સલાહ આપવી તે તેમની ખૂબી હતી. નાનપણથીજ મારો સંપૂર્ણ પરિવાર સાથે સંપર્ક રહ્યો છે. આવા અનન્ય પરિવારની વ્યક્તિ પાસેથી જે લાગણી મળી છે તે વિશિષ્ઠ છે.

પ્રભુ તેમના આત્મા ને શાંતિ આપે એજ પ્રાર્થના.

**– વંદના હન્સકુમાર હીરાચંદ ધુલ્લા (દૌલત) પરિવાર** (સુથરી, પરેલ)

આજે અમારા સહુના હૈયે અને હોઠે એકજ પ્રાર્થના ''રહો,અમારા હૃદય માં, સદૈવ સર્વદા''

**– હિરેન જગતસિંહ લોડાયા (શાહ)**, (કોઠારા, ઘાટકોપર)

આંસુ આવે છે આંખમાં અમારી, જયારે યાદ આવે છે તમારી
ખુશી હતી પાસે અમારી, જયારે ચત્રછાયા હતી તમારી !

**– અ.સૌ. પુષ્પા હિરેન લોડાયા (શાહ)**, કોઠારા, ઘાટકોપર

## ડૉ. માનસીબેન લોડાયાને સ્વજનો અને સ્નેહીઓ તરફથી છ માસિક પુણ્યતિથિએ શબ્દાંજલિ

કદી કાકીના રૂપે તો કદી મિત્ર સ્વરૂપે તમારો હાથ છે સદા, અમારી ઉપર આશીર્વાદ રૂપે. નાના હતા અમે અને ઓછી હતી સમજ, તો પણ અમારા પ્રેમ પર કર્યો વિશ્વાસ તમે. પ્રેમ અને વિશ્વાસનું સિંચન કર્યું તમે, વિશાળ હૃદય ના મલિક છો તમે. પ્રભુ ને અમારી એટલીજ પ્રાર્થના.
ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

– **બીના પ્રકાશ લાલકા પરિવાર** (લાલા, ઘાટકોપર)

જેમ માનસીબેન સાથે સંપર્ક વધ્યો તેમ એમની ખરી ઓળખ થયી. એ એક સાદી અને સરળ વ્યક્તિ હતા. અઘરા મેડિકલના જ્ઞાનને સામાન્ય ભાષામાં સમજાવવું, એ એમની ખૂબી હતી. ખરા અર્થમાં આપણે તેને ''ભગવાન નું માણસ'' કહી શકાય એવી જૂજ વ્યક્તિયોમાંની એક, એટલે માનસીબેન. આજે એ આપણી વચ્ચે નથી એટલે ઈશ્વરને એક અરજ કે એમનો પ્રેમ ભર્યો હાથ હમેશા મારા બાળકો પર રહે. ૐ શાંતિ

– **અરૂણાબેન જયંતીલાલ ચસ્માવાળા**
(સુરત–માટુંગા રોડ)

અમારા પચીસ વર્ષના પરિચયમાં માનસીબેન સાથે વાર્તાલાપમાં અનેકવિધ વિષયો પર ચર્ચા થતી. ભણતર, ગણતર, ધર્મ, મેડિકલ વિગેરે અનેક વિષયોથી અમો અવગત થતા.

Work is worship નો સિદ્ધાંત એમણે જીવનમાં ઉતાર્યો હતો. જૈફ ઉંમરે તેઓ પથારીવશ થયા તો પણ પ્રફુલ્લિત રહેતા અને પોતાના વિવિધ અનુભવો વર્ણવતા. એમને માંદગીમાં મળીને બોધ મેળવ્યો કે,ઈશ્વરે આપેલા અમૂલ્ય જીવનનો હરેક દિવસ સકારાત્મક રીતે ઉપયોગ કરવો, Everyday is a new opportunity.

સદગત માનસીબેન ને યાદ કરતા, 'અસ્તો માં સદ્ગમય...આ શ્લોક યાદ આવે છે. એમની હુંફ, આશિર્વાદ અને માર્ગદર્શન સદાયે સ્મૃતિપટ માં રહેશે. અમારા સહુની અરજ છે કે પ્રભુ આ આત્મા ને પોતાના સાનિધ્યમાં ખીલેલા ફૂલની માફક હસતું રાખે. માનસીબેન સદગુણી હતા અને શિવમાં સમાઈને આ નિરપક્ષ, નિર્દોષ અને સહજભાવવાળો જીવ ચોક્કસ મોક્ષગામી બનશે !

– **નયના દિલીપ નટવરલાલ ચસ્માવાળા પરિવાર**, સૂરત
(રસેશ જયંતીલાલ ચસ્માવાળાના વડીલ બંધુ)

મમાં પાસે હું બેઠો હતો અને નવી નર્સે એમને મારી ઓળખ પૂછી, તેઓએ મરાઠીમાં ઉત્તર આપ્યો કે, ''હા માઝા મૂલગા આહે''! એક જમાઈ માટે પુત્રથી મોટો કોઈ દરજ્જો ન હોય ! મેં એમને સાસુ નહિ પણ માં જ માન્યા છે. એમની ચિર વિદાયથી ઘર ખાલી થયી ગયું અને હૃદય ભરાઈ આવે છે. જે કોઈ એમના સંપર્કમાં હતા તે બધા કહે છે કે અમને પણ ખુબ ખોટ વર્તાય છે.

માં તુજે સલામ....!

– **રસેશ જયંતીલાલ ચસ્માવાળા** (સુરત, માટુંગા રોડ)

મળે છે દેહ માટી માં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે,પણ માનવી નું કામ જીવે છે.

ડોક્ટરના સત્કાર્યો, સેવાભાવ, નિખાલસ વ્યક્તિત્વ. આ સુવાસનું સ્મરણ હર હંમેશા બધાં ના દિલ માં રહેશે !

– **લીલા ભવાનજી રતનશી લોડાયા (અજાણી)પરીવાર,**
કોઠારા બોરીવલી

માનસી તો માનસી હતી, હતી નહિ, છે.
તેની સારપ, તેની ભદ્રીકતા, ગંભીરતા અને ધીરજ જેવા ગુણો તેને સદાય જીવિત રાખશે. અમારો સંબંધ વિદ્યાર્થીકાળથી તે વૃધાવસ્થા સુધી સદાય સાથે અને નિઃસ્વાર્થી રહ્યો.

આવા સંબંધો હરિકૃપાથી જ મળે. માનસી એટલે સદાયે માનસી ! માનસી એટલે નિરાભિમાન, અનેક અનેક વિશેષતાઓનું તેને વરદાન હતું. અમારા પરિવાર સાથે ઓતપ્રોત એવી મિત્ર માનસીને કયાં શબ્દોમાં ભાવાંજલિ આપું? જે લખું તે થોડુંજ છે.

– **ચંદ્રાબેન મુકુંદરાય સચદે પરિવાર**
(કરાચી, નેપિયનસી રોડ)

આપનો માયાળુ સ્વભાવ અને સાદગી ભર્યું જીવન અમારે માટે પ્રેરણારૂપ રહેશે.

પરમાત્મા આપના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

– **મુરજી માણેકજી શાહ પરિવાર,** સાંધવ, ચેમ્બૂર

Mansi and I met in medical college and soon became inseparable, like twins, for the next six years. Undoubtedly, she was one of the intelligent students of the class. She was a very humane person and our family relations continue to the next generation.

**- Drs. Kusum (nee Mungee) &**
**Purushottam M. Shah**
(Kothara, WHO, Geneva).

**मुज़से आदरणीय मानसी बहन के लिए दो शब्द लिखनेको कहा गया है । हमारा कई सालो का परिचय है पर मिलना कभी कबार सरला बहन के यहाँ होता था ।**

# ડૉ. માનસીબેન લોડાયાને સ્વજનો અને સ્નેહીઓ તરફથી છ માસિક પુણ્યતિથિ શબ્દાંજલિ

उनका प्रेम मुझ तक फोन से भी पहुंच जाता था । वे करुणा, मुदिता, मैत्री से भरी हुई थी । पिछले साल जब उनको मिलने मै हस्पताल पहोची, तो उनके शरीर में भारी पीड़ा होगी मगर न कोई शिकवा, न कोई शिकायत. मुस्कुराते हुए उन्होंने मेरे हाथो से बनी मीठी रोटी को याद कर, प्रसंशा की । मुझे लगा जैसे उनके चेहरे पर *मोद ज़लक रहा है । मेरी समज में यह एक श्रेष्ठ जीव होने का संकेत है । अगले भव में वह जीव साधना पथ पर और आगे बढे यही प्रार्थना है । ॐ शांति शांति शाँतिहि। *(मोद याने universal love/kindness).

– वीणा बहेन ग्वालानी (शिकारपुर, गोरेगांव)

(**નીતા જતીન જયચંદ લોડાયા** ના માં)

I met Dr. Mansi and Dr. Jay in early 1976-77. I remember her as having a beautiful spirit. She was a lovely, warm person. She very endearing to me as I felt pretty alone in my maiden travel to India as a young, newly married, budding Pediatrician. I was welcomed into their home by her with open arms.

I also remember that my uncle Mel, (who was her boss) was very enchanted by her and impressed with her work in Chicago while Dr.Jay worked with my late father.

I wish that Dr. Mansi were still alive so that I could reconnect with her on a personal level.

I grieve for her loss with you, Jagu. I'm sending my love to you and your family.

- **Dr Richard Cohen**
Pediatrician Kaiser, Portland Oregon.

My introduction to Dr. Mansiben, occurred soon after my marriage. Although I was much younger to her, we became friends instantly. I found her to be a sociable person with whom one could enjoy a gossip free, intelligent conversation. Her constructive thought process helped, contribute positively to any conversation. I believe she embodied the adage, "Simple living, High thinking". I hope to emulate her.

- **Chandrika Chetan Lodaya**
(Rawa, Chembur)

Maanu Kaki was a true woman of substance and will always inspire me! She justified all her roles as a wife, mother& doctor living in a joint family which few people can manage to do. A simple, warm hearted lady ahead of her times. My mom adds that she was always patient, calm and grounded. Kaka and Kaki had very different temperaments, yet they complimented each other well. I got to know her well on a memorable family trip to Gujarat.

Motherhood was a difficult time for me. We usually sought Kaka's advice but this time we needed her help and were not disappointed. We owe her a lot for her professional advice & personal guidance all throughout. Jagruti and I are friends for life and so are our children! Some relations are for keeps!

- **Kumud H Lodaya** (Naliya, Vadodara) &
**Kastur D Nagda** (Tera, Gopalpuri)

મારા મિત્ર, ગુરૂ અને મારા જીવનનું અજવાળું બનવા માટે ધન્યવાદ અને નમન. પ્રભુ પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

– **ગુંજન હિરેન લોડાયા (શાહ)** કોઠારા, ઘાટકોપર

''માતાની માત'', મોરી મિઠડી રે લોલ મમતા સ્વરૂપે વસે રૂદિયે... મારી નાનીની જોડ સખી નહિ જડે રે લોલ.

કવિ બોટાદકરે રચેલા પ્રચલિત ગીત જનનીની જોડ સખી ! પર આધારિત.

દોહિત્રઃ **જીગન્યાસુ રસેશ ચસ્માવાળા** (સુરત, માટુંગા રોડ)

ઈંદોર માં પાલક પરિવાર તરીકે આપેલ પ્રેમ ના વિસરાય કુંવરબાઇ શામજી વીકમશી (કમાણી) પરિવાર (પરજાઉ,ઈદોર)નું ઋણ સ્વીકાર.

આર્યકન્યા શાળા,પોરબંદરથી બંધાયેલ લાગણી ના સંબંધ આજે ત્રણ પેઢી તાજા રહ્યા છે!

ચંદ્રાબેન મુકુન્દરાય સચદે પરિવાર (કરાચી,નેપિયન સી રોડ) નું ઋણ સ્વીકાર.

ઈંદોરમાં મેડીકલનો અભ્યાસ કરતા માનસીનું ''માહેર''(પિયર) બની ગયેલ પ્યારો પરિવાર, રજની વહીની અને ડો વિષ્ણુ દત્તાત્રય મુંગી બૃહદ પરિવાર (નેઓરી,ઉજ્જૈન) નું ઋણ સ્વીકાર.

ખેતબાઈબેનની સ્કૂલ–મસ્જીદબંદર, આર્યકન્યા શાળા – પોરબંદર, શેઠ હીરજી ભોજરાજ સાવલા સ્કૂલ – (શિશુવાન સ્કૂલ, માટુંગા), ખાલસા કોલેજ (માટુંગા), મહારાજ સયાજીરાવ મેડિકલ કોલેજ (ઈંદોર)ના સર્વે ગુરુજનોને સાદર નમન.

**દેવશી ખીચશી લોડાયા પરિવાર અને**
**મણીલાલ ખીમજી ધુલ્લા પરિવાર**

**– ડૉ. જાગૃતિ રસેશ ચસ્માવાળા**
(લોડાયા, અજાણી – કોઠારા), સુરત, માટુંગા રોડ

Advt.

**આરોગ્ય પ્રકાશ**

# આરોગ્ય માટે હાનીકારક ઘરની કેટલીક વસ્તુઓ - ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



આપણે સવારથી રાત સુધી ઘણી એવી વસ્તુઓ જાણતાં-અજાણતાં વાપરીએ છીએ જે આપણા આરોગ્યને નુકશાન કરે છે.

**ટુથપેસ્ટ અને બ્રશ :** મોટા ભાગની ટુથપેસ્ટમાં સોડિયમ લોરિલ સલ્ફેટ નામનું કેમીકલ હોય છે જેનાથી કેન્સર થઇ શકે છે. પેસ્ટમાં વધુ ફ્લોરાઇડ હોય તો દાંતને તે પણ વધુ નુકશાન, ટ્રિક્લોસન નામનું કેમીકલ જે પહેલા પેસ્ટીસાઇડ (જંતુનાશક) તરીકે વપરાતું હતું હવે પેસ્ટમાં પણ વપરાય છે. આવા કેમીકલ્સ મોઢાની અંદરની ત્વચાથી શોષાઇને લોહીમાં ભળી જાય છે, નાના બાળકો તો પેસ્ટ મીઠી હોવાથી ગળી પણ જાય છે. આ કેમીકલ્સ આપણા શરીરના અંતસ્ત્રાવો પર ખરાબ અસર કરે છે. અમુક યુવાન છોકરીઓને માસિક સ્ત્રાવ અનિયમિત આવે તથા માસિક વખતે મોઢામાં ચાંદા પડે છે. આનું કારણ ટુથપેસ્ટ પણ હોઇ શકે. બ્રશ, નરમ હોય તો ઠીક નહિં તો દાંત ઘસાઇ શકે. બ્રશ ત્રણ મહીને બદલવું જોઇએ કેમકે એમાં બેક્ટેરિયા, ફંગશ જમા થાય છે જે આપણા આરોગ્યને નુકશાનકર્તા છે. જ્યાં દાંતણ મળતાં હોય તો તે ઉત્તમ છે. દાંતણથી દાંતની સાથે પેઢા પણ મજબૂત થશે. રાઇનું તેલ, હળદર અને મીઠું મિક્સ કરી દાંતે ઘસી શકાય. વપરાયેલ લીંબુની છાલ સાથે સહેજ મીઠું લઇ દાંતે ઘસી શકાય. આર્યુવેદિક દંતમંજન ઘરે બનાવી, કે કેમીકલ વગરનું બજારમાંથી લાવી વાપરી શકાય. ટુથપેસ્ટ છોડી, આર્યુવેદિક કે કુદરતી વસ્તુઓ વાપરી આરોગ્ય જાળવીએ.

**ટોયલેટ સાબુ, ડીટરજન્ટ કે લીકવિડ શૉપ :** બજારમાં મળતા આવા પદાર્થોમાં સોડિયમ લોરિલ સલ્ફેટ રસાયણ, જે ચીકાશ, ખોરાકના અંશો, મેલ સાફ કરે, કિટાણુનો નાશ કરે પણ હાથની ચામડીને ઘણું નુકશાન કરે અને શરીરમાં શોષાય તો કેન્સર થાય. ટ્રિક્લોસન પણ ટુથપેસ્ટની જેમ ૯૦ના દાયકાથી વપરાય છે અને હવે તો તે માઉથ વૉસ, સૌંદર્ય પ્રસાધનોમાં પણ વપરાવું શરૂ થયું. આ રસાયણ શ્વાસ વાટે કે ચામડી વાટે શોષાઇ શરીરમાં જઇ આરોગ્ય બગાડે. અસ્થમા, શરીરમાં ગાંઠો થઇ શકે. આ રસાયણ પાણીમાં ભળી ગટર દ્વારા નદી, તળાવ, દરિયામાં જઇ પર્યાવરણને નૂકશાન કરે અને પીવાના ઉપયોગમાં આવે તો આરોગ્ય બગાડે. ફોર્મલ ડિહાઇડ રસાયણ સસ્તું છે એટલે ડિટરજન્ટ, લિક્વીડ શૉપ વગેરેમાં વપરાય છે પણ ચામડી અને આંખોની અનેક સમસ્યા કરે છે. બાથરૂમ, ટૉયલેટ, વાસણ સાફ કરતી વખતે બની શકે તો હાથમોજા પહેરવા અને બારી બારણા ખુલ્લા રાખવા જેથી શ્વાસમાં આ બધા કેમીકલ્સ ઓછા જાય અને આરોગ્યનું ઓછું નુકશાન થાય. સાબુ, લીક્વીડ શૉપમાં સુગંધીત રસાયણ વપરાય છે જેથી સુગંધને લીધે ક્ષણિક તાજગીનો અનુભવ થાય પણ આ રસાયણોને લીધે ચામડીના રોગો, એલર્જીક બિમારીઓ અને આરોગ્યની અનેક સમસ્યા થાય. તેથી ઓછી સુગંધવાળા કે સુગંધ વગરના સાબુ કે લિક્વીડ સૉપ વાપરો. લિક્વીડ સૉપ ઘરે બનાવવાની સરળ રીત - ૩ કપ પાણીમાં ૩ tsp (ટીસ્પુન) ખાવાનો સોડા બરાબર મિક્સ કરી લ્યો. તેમાં ૩ લીંબુનો રસ ગાળીને ઉમેરો ૧ કપ સફેદ વિનેગર નાખો. આ મિશ્રણ સહેજ પાણી જેવું લાગે છે તો તેમાં ઘટ્ટતા માટે ૨ tsp વિમ જેલ ઉમેરી, એક કલાક એમજ રહેવા ધ્યો. પછી બોટલમાં ભરી લ્યો જે એકાદ મહીનો વાપરી શકાય. તે ઉપરાંત એંઠા વાસણ પાણીમાં પલાળી રાખીએ કે ગરમ પાણીનો ઉપયોગ કરીએ તો તેટલો સાબુ કે લિક્વીડ સૉપનો ઉપયોગ ઓછો થાય અને તેનાથી થતી હાનીથી બચી શકાય.

**ટીન, એલ્યુમીનીયમ વાસણ, પ્રેશર કુકર :** આવા વાસણોમાં રાંધેલ ખોરાકમાંથી આર્યન, કેલ્શ્યમ વાસણમાં શોષાઇ જાય છે અને એલ્યુમીનીયમના ઑક્સાઇડ ખોરાકમાં ભળે છે જે આપણા શરીર માટે હાનીકારક છે. આર્યન, કેલ્શ્યમ ઓછું થવાથી હાડકા, દાંત નબળા થાય છે, યકૃત અને ચેતાતંત્ર પર વિપરીત અસર થાય, માનસિક બિમારી થઇ શકે. પ્રેશર કુકરમાં દાળ રાંધવાથી તેના ૮૭% પોષક તત્વો નાશ પામે છે. સ્ટેનલેસ સ્ટીલના વાસણ, કુકર વાપરો. માટીની હાંડીમાં પકાવેલ દાળમાં લગભગ બધાજ પોષક તત્વો જળવાઇ રહે છે.

**મેંદો, સાકર, રિફાઇન્ડ તેલ :** આ ચીજોની બનાવટ વખતે પ્રોસેશમાં મોટા ભાગના પોષક તત્વો નાશ પામે છે અને કેમીકલ્સ ઉમેરાઇ જાય છે. આખું અનાજ ઉત્તમ છે અને થુલા સાથે લોટ વાપરો. સાકરને બદલે ખાંડસરી, ખડીસાકર કે કેમીકલ ફ્રી ગોળ વાપરો. મિઠાસ માટે ખારેક, ખજુર, અંજીર, જેષ્ટીમધ વાપરી શકાય. ઘાણીનું તેલ મળે તો ઉત્તમ નહીં તો  ફિલ્ટર્ડ તેલ વાપરો. બની શકે તેટલું તળેલું ખાદ્ય ટાળો. મેંદાથી બનેલ બિસ્કીટ, પાઉં ટાળો.


(ક્રમશઃ)

**અતીતની અટારીએથી**

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૫)''


**સોમ ધરમશી**

મો. 97267 76627

(ગતાંકથી ચાલુ...)

અમારા ઘરેથી (કોટ-હોલી ચકલા) ઘડિયાલ ગોદીનું અંતર કાપતા ઘોડાગાડીને લગભગ ૩૦ થી ૪૫ મિનિટ લાગતી. હું લઘર-વઘર ખાખી કપડામાં સજ્જ કોચવાન જે થોડી થોડી વારે ઘોડાને ચાબુકથી ફટકારતો હતો તેની સાથે વાતે વળગ્યો, ''ચચા આપકા નામ ક્યા હૈ'' મોઢામાં ભરેલા પાનનાં ડુચામાંથી રસ્તા ઉપર એક લાંબી પિચકારી માર્યા બાદ બોલ્યા ''અબદુલ રહેમાન''... વાતચીતનો દોર ચાલુ રાખવા તેણે પણ મારું નામ , હું સ્કુલમાં ભણવા જાઉં છું કે નહીં, હમણા ઘડિયાલ ગોદીથી સ્ટીમરમાં ક્યાં જવાનો છું એની બધી માહિતી પુછી અને હું એને મને પ્રાપ્ત થયેલ સ્ટીમર અને અમારી મુસાફરી વિશેની જ્ઞાનસભર માહિતી સવિસ્તાર આપવા લાગ્યો. અબદુલ ચાચા વચ્ચે વચ્ચે ચાબુક મારી, ડચકારા બોલાવી ઘોડાગાડીની ધીમી પડતી ગતીને તેજી આપી રહ્યા હતા. ઘોડાના પગનાં ડાબલા મુંબઈનાં ડામરનાં રસ્તા ઉપર લયમય ''તબડાક... તબડાક...''નું સંગીત સંભળાવી રહ્યા હતા.

અમે GPO (મુંબઈની જનરલ પોસ્ટ ઓફિસ) પાસેથી પસાર થતા હતા ત્યાં ''પોલસન'' માખણની દુકાન પર મારી નજર પડી. એ જમાનામાં ''પોલસન''નું માખણ અને કોફી પ્રખ્યાત હતા. મારા મોટાભાઈ સાથે સવાર સવારમાં ઘણી વખત ''પોલસન'' માખણ લેવા અહીં આવતો જ્યાં દુકાનનાં થળા પર એક વિશિષ્ટ કાયા ધરાવતા પારસી ગૃહસ્થ બેસતા. હું જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ મને સમજણ પડતી ગઈ કે મારી સ્કુલનાં મોટા ધોરણનાં છોકરા મને ''પોલસન'' કહી કેમ પોકારતા અને પછીથી ગલીનાં છોકરા પણ મને ''ડાલડા''નો ડબ્બો કહેતાં. **સમજી ગયાને તમે ???**

હવે અમે કર્નાક બંદર પસાર કરી ઘડિયાલ ગોદી તરફ આગળ વધી રહ્યા હતાં. વચ્ચે વચ્ચે અબદુલ ચાચા ઘોડાને ચાબુક મારે જતા હતા અને રસ્તા પર પાનની પિચકારી. ત્યાં અચાનક ઘોડાગાડીને તેમણે જમણી તરફ વાળી. મારી નજર સમક્ષ પ્રથમ વાર જ મહાકાય સ્ટીમર નજરે પડી અને ઘોડાગાડીમાંથી હીરાબેન બોલ્યા ''ન્યાર સોમા, હી સ્ટીમર આય, હિનમેં વિઈ પાં કચ્છ વેંધાસીં.''

મહાકાય સ્ટીમરને જોઈ હું આશ્ચર્યચકિત થઈ ગયો. સ્ટીમરની વચ્ચો વચ્ચ આકાશ તરફ એક મોટી ચિમની હતી. તેમાંથી ધુમાળાનાં ગોટે ગોટા નીકળતા હતા. આગળ જઈ એક મોટા ગોદામ જેવા મકાન પાસે ઘોડાગાડી ઉભી રહી. અહીં અન્ય પણ વાહનો પાર્ક થયેલા હતા. એક મકાન ઉપર એક મોટું ઘડિયાલ ગોઠવાયેલું હતું, ત્યારે મને સમજ પડી કે ઘોડાગાડીવાળા સાથે મુસાફરી નક્કી કરતા મારા મોટાભાઈએ અમારા ગંતવ્ય સ્થાનને ''ઘડિયાલ ગોદી જાના હૈ ચચા'' એમ કહી ભાડા માટેની રકઝક કેમ કરેલી.

અમારી ઘોડાગાડીની સફર પુરી થઈ. અબદુલ ચાચાએ મને ઘોડાગાડી ઉપરથી નીચે ઉતાર્યો. મેં જોયું કે એક ડાબલામાં ઘોડાને ખાવા માટે કાંઈક સવારનો નાસ્તો નાંખી તે ડબલુ અબદુલ ચાચાએ ઘોડાનાં મોઢા સાથે બાંધી દીધું. ઘોડાને સવારનાં પણ પરસેલો વળી ગયો હતો. ગાડી માંથી અમારા સામાન સાથે ભાઈ, બેન અને માતુશ્રી પણ નીચે ઉતરી આવ્યા અને ફરીથી સાથે લીધેલ સામાનની ગણતરી થવા લાગી. બે વખત ગણતરી કરી લીધા પછી અબદુલ ચાચાને ભાડું ચુકવી એક મોટા ગોદામ તરફ અમારી સવારી નીકળી પડી...

અહીં ઘણી બધી વ્યક્તિઓને માથે કોથળા, હાથમાં બિસ્તરા કે મોટા પટારા લઈ તેમનાં કુટુંબીજનો સાથે ડાબી તરફ આવેલા એક પુલ (Bridge) પરથી આવતા જોઈ હું આશ્ચયનાં દરિયામાં ડુબતો જ હતો ત્યાં મારી મોટી બેન ઉવાચ ''સોમા આ લોકો મસ્જિદ બંદર સ્ટેશન ઉપરથી ઉતરી કચ્છ જવા સ્ટીમર પકડવા આવી રહ્યા છે.''

મસ્જિદ બંદર સ્ટેશનનું નામ સાંભળતાં જ મને મોટું દેરાસર અને અનંત નિવાસ નામનું મકાન અને પાણીનો ફુવારો યાદ આવ્યાં. પણ તે ''ફુવારો'' ફક્ત નામ માટે જ હતો, મેં તેમાં ક્યારે પણ પાણી ઉડતું જોયું ન હતું.

અનંત નિવાસ યાદ આવતાં ત્યાં રહેતા અમારા વડીલ શ્રી મેઘજી વકીલ અને ઈન્દુકાકી યાદ આવ્યા. સાથે એજ માળા પર રહેતા શ્રી મણીલાલ કાનજી લોડાયા અને એમનાં ધર્મપત્ની ''સોના શેઠાણી'' પણ યાદ આવ્યા. ઈન્દુકાકીનાં ઘરે એક વયોવૃદ્ધ માં રહેતા. ઘણીવાર મારું પેટ દુઃખતું ત્યારે મારા માતુશ્રી જોડે ''ભખીયો'' કઢાવવા અહીં આવતા.

એ ''મા'' મને સુવડાવી સગડીની રાખથી કાંઈક મંત્ર બોલતા અને મારા પેટને રાખથી ચોળતા ચોળતા મોટેથી ''ઉગરાઈ'' ખાતા.

સોના શેઠાણીનાં ઘરે પિતાશ્રી સાથે અમારા ગામ મંજલ દેરાસરના ટ્રસ્ટની મિટીંગ થતી ત્યારે આવતો. ટ્રસ્ટીઓ આપસ આપસમાં ચર્ચા કરતા અને શેઠાણી મને અંદરનાં રૂમમાં ઘરે બનાવેલી રબડી-આઈસ્ક્રીમ ખાવા આપતા અને બંદા ના-ના કરતા બે વાટકા તે પણ ચાંદીનામાં અપાયેલ આઈસ્ક્રીમની જ્યાફત ઉડાવતા ઉડાવતા પેટમાં પધરાવી દેતા. પેટ દુ:ખે તો પછી ઈન્દુમાં ના ઘરે ડોશીમાં તો હતા જ ! પણ આ બધી વાતોને સ્મૃતિપટ પરથી ખંખેરી મોટા ગોદામ તરફ અમે આગળ વધ્યાં અને ત્યાં ગેટ પાસે અમારી ટીકીટ ચેક કરાવી, માતુશ્રીએ મોટાભાઈ ઉપર ભલામણોનો વરસાદ વરસાવ્યો અને હું મારી પ્રથમ દરિયાઈ સફર તરફ આગળ વધ્યો.

## મારે આભાર માનવો છે...

અતીતની અટારીએ માં ''ઘડિયાલ ગોદીથી માંડવીની દરિયાઈ સફર''ને પ્રકાશ-સમીક્ષાનાં વાચકોએ વધાવી લીધી છે તે બદલ હું હૃદયપૂર્વક તેમનો આભારી છું. ખાસ કરીને શ્રી લખમશીભાઈ (હમાલ) વિશે વિશેષ માહિતી આપવા માટે (૧) **શ્રી દિપક ગંગાજર ડાઘા (વરાડીયા-મુલુંડ)**, (૨) **શ્રી તેજપાલ ધરમશી મુલુંડ (લાલા-મુલુંડ)** મળવા અને માણવા જેવું વ્યક્તિત્વ - એમના વિશે એક આખો લેખ લખવો પડશે, (૩) **શ્રીમતી ધનબાઈ મોતા (કોઠારા-મુલુંડ)**.

શ્રી લખમશીભાઈનું પુરું નામ **લખમશી ખીમજી વીરમ ધુલ્લા-સુથરી**, દામજી મેઘજીનાં માળામાં રહેતા અને તેમની સાથે એજ માળામાં તેમનાં મામાઈ-ફુઈઆઈ ભાઈ **શ્રી કુંવરજીભાઈ દંડ (સાંયરા)** રહેતા અને તેમની મલાઈ આઈસ્ક્રમ પ્રખ્યાત હતી.

સાથે સાથે **શ્રી પ્રબોધ ધનાણી** (અન્ય જ્ઞાતિનાં) જેમણે આ લેખ વાંચ્યો તેમણે પણ આપણી જ જ્ઞાતિનાં એક **લઘુ હમાલ**નો ઉલ્લેખ કર્યો જે વડાલામાં આઝાદ નગર, ચાલ નં.-૧૮માં રહેતા.

**શ્રી હરીશ દામજી ધરમશી (જખૌ-નવી મુંબઈ)**નો **''વિજળી''** આગબોટ (ઉર્ફે **એસ. એસ. વૈતરના**) વિશે અને **ન્હાવા ગામ**માં આવેલ અને **''હાજી કાસમ''**નાં કુટુંબીજનો એ સ્થાપેલ વહાણવટાના સંગ્રાહલયની (www.tsrahaman.org) વિશેની વિગતો આપવા બદલ જે ભવિષ્યનાં સફરનાં અંકોમાં વણી લેશું.

-સોમ ધરમશી

# વાચકોના પ્રતિભાવ

## સંસ્મરણો

ભાઈશ્રી સોમ ધરમસીના કચ્છ સ્ટીમર સર્વિસ વિશે લેખ વાંચતા જુના સંસ્મરણો તાજા થયા. મેં પણ આ સ્ટીમર મુસાફરીની મજા માણી છે.

એક જાણવા જેવી વાત કે કચ્છ ના સ્ટીમર સર્વિસ વિશેનો ઇતિહાસ મુંબઇ નજીકના નવી મુંબઈના ન્હાવા ગામ પાસે એક બહુજ ઓછા જાણીતા પણ જરૂરથી જોવા લાયક સંગ્રહાલયમાં ધરબાયલો પડ્યો છે.


''વીજળી હોનારત'' અને ''હાજી કાસમ તારી વીજળી વેરણ થઇ'' થી ભાગ્યેજ કોઈ પણ કચ્છી માડુ અજાણ હશે. એ વીજળીના કેપ્ટન હાજી કાસમના કુટુંબીજનોએ સ્થાપેલ વહાણવટાનું સંગ્રહાલય ન્હાવા ગામ માં TS Rahaman માં સ્થિત છે. ત્યાં વહાણવટાની કોલેજ, વસતીગૃહ અને સંગ્રહાલય વાડિયા કુટુંબ દ્વારા બંધાયેલા એસ્ટેટમાં આવેલ છે. ત્યાં પહોંચવું, તમારૂં પોતાનું વાહન ન હોય તો હાલમાં જરા અગવડ ભર્યું છે, પણ ટૂંક સમયમાં ટ્રાન્સ હારબર લિંક દ્વારા પહોંચી શકાશે અથવા બેલાપુર સ્ટેશનેથી લોકલ દ્વારા બામણ ડોંગરી સ્ટેશને પહોંચી રીક્ષામાં જઈ શકાય.

એ સંગ્રહાલયમાં ''વીજળી ઉર્ફે SS Vaitarna'' વહાણ નું મોડેલ અને તેની ટાઇટેનિક સાથે સરખામણીની માહિતી છે. તેમજ માંડવીના ફેરા કરતી સાબરમતી અને સરસ્વતી સ્ટીમરોના મોડેલ તેમજ માહિતી છે.

આ વિશેની વધુ માહિતી www.tsrahaman.org માં મળી શકશે. આ સંગ્રહાલય એકવાર જરૂર જોવા જેવું છે.

– **હરીશ ધરમસી,** નવી મુંબઇ.

## શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ



શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ (વેસ્ટ)માં શ્રી કિશોર ગોવિંદજી કાયાણીના અવસાનથી ખાલી થયેલ ટ્રસ્ટીની જગ્યાએ વરાડીયાના જાણીતા સામાજિક કાર્યકર શ્રી દીપક ગંગાજર ડાઘાની તા. ૧૭-૧૦-૨૦૨૦થી સર્વાનુમતે ટ્રસ્ટી તરીકે નિમણુક થઈ છે.

દીપકભાઈ શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિયેશનના ઉપ પ્રમુખ છે તથા મુલુંડ ની મહાવીર રેસીડેન્સી કો. ઑ. હા. સોસાયટીના ટ્રેઝરર છે.



# મળવા જેવા માણસ...

## શ્રીમતી લતાબેન જયંત દંડ (છાડુરા - ધુલિયા)

હુ આજે જ્ઞાતિના છુપાયેલા તારા લતાબેન જયંત દંડનો પરિચય કરાવીશ. શિક્ષણતજ્ઞ લતાબેનને તેજસ્વીની એવોર્ડ, નારીશક્તિ એવોર્ડ, શ્રીમતી ધુલે એવોર્ડ, પરબ શક્તિ સંજીવની એવોર્ડ તથા અન્ય અનેક સન્માનો પ્રાપ્ત થયા છે. લતાબેનનો જન્મ જયાબેન શાંતિલાલ ખોના - કરાડને ત્યાં થયો. તેમનુ શાળાકીય શિક્ષણ કરાડમાં થયું પછી ઉચ્ચ શિક્ષણ માટે પુના ગયા અને ત્યાં તેમણે હોમ સાયન્સમાં B.Sc. કર્યું. ઇ.સ. ૧૯૮૪માં ધુલિયાના શ્રી જયંત અભેચંદ દંડ સાથે તેમના લગ્ન થયા અને તેઓ ધુલિયા ગયા. ઇ.સ. ૨૦૦૨માં તેમણે ધુલિયા ખાતે લીટલ સ્ટાર નર્સરી સ્કુલનો પ્રારંભ કર્યો.

**પ્ર.સ.: આપને નર્સરી સ્કુલ શરૂ કરવાનો વિચાર કેમ આવ્યો ?**

**એલ.બી.:** હું મારા બે વર્ષના દિકરા માટે નર્સરીની શોધ કરી રહી હતી પરંતુ ધુલિયામાં જે નર્સરી શાળાઓ હતી તેનાથી ખુશ ન હતી. કારણકે મને કવિવર રવિન્દ્રનાથ ટાગોરે સ્થાપેલી શાંતિનિકેતન જેવી પ્રાકૃતિક વાતાવરણ ધરાવતી શાળામાં દિકરાને શિક્ષિત કરવાની મારી ઇચ્છા હતી. શિક્ષણ દ્વારા બાળકનો સાતત્યપુર્ણ વિકાસ થાય તથા શિક્ષણની શરૂઆતમાંજ બાળકમાં ઉત્સાહ, સંવેદના, આત્મવિશ્વાસ તથા સામાજીક એકતાની ભાવનાનું આરોપણ થવું જોઇએ. આવી શાળા મને ધુલિયામાં ન મળી એટલે મેં લીટલ સ્ટાર નર્સરીનો પ્રારંભ કર્યો.

મારા સાસુ મૃદુલાબેન કે જેઓ મુંબઇની અમુલખ અમીચંદ હાઇસ્કુલમાં શિક્ષિકા રહી ચૂક્યા હતા તેમનો મને સંપુર્ણ ટેકો મળ્યો અને પ્રોત્સાહન પણ મળ્યું એટલે મેં શહેરથી થોડેક દૂર નર્સરી શરૂ કરવાનું સાહસ કર્યું.

**પ્ર.સ.: લીટલ સ્ટાર તથા અન્ય નર્સરી શાળાઓ વચ્ચે શું તફાવત છે ?**

**એલ.બી.:** લીટલ સ્ટારમાં પાયાના શિક્ષણની સાથે અન્ય ઘણી બધી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. આ પ્રવૃત્તિ કેન્દ્રમાં બાળકોને વિકસિત કરવા, તેમની શક્તિઓને પ્રવૃત્ત કરવા માટે તેમને સરળ અને રસપ્રદ રીતે તાલીમ આપવામાં આવે છે. અમે તેમને પ્રાકૃતિક વાતાવરણથી પરિચિત કરવા બગીચામાં લઇ જઇએ છીએ તથા આપણી સંસ્કૃતિ તથા તહેવારોની માહિતી રસપ્રદ રીતે આપીએ છીએ. બાળકોને ઇકો ફ્રેન્ડલી ગણપતિ બનાવવાની તથા હોળીના તહેવારમાં પ્રાકૃતિક રંગોથી રમવાની માહિતી આપીએ છીએ.

**પ્ર.સ.: અનેક વર્ષોના અંતરાલ પછી અભ્યાસ ફરીથી શરૂ કરવા તમે કઇ રીતે હિંમત કરી ?**

**એલ.બી.:** મારે શિક્ષણના ક્ષેત્રે કશુંક વિશેષ કરવાની ઇચ્છા હતી એટલે મેં CET ની પરીક્ષા આપી અને હું મહારાષ્ટ્ર



રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવી. મેં ઇ.સ. ૨૦૦૫માં B.Ed. અને ૨૦૧૦માં M.Ed. કર્યું. મેં સમ્ય જ્ઞાન દર્શન ઓપન યુનીવર્સીટીમાંથી જૈનીઝમ વિષયમાં માસ્ટર કર્યું.

**પ્ર.સ.: અત્યારે આપ શ્રી ધુલે એજ્યુકેશન સોસાયટી સંચાલિત અંગ્રેજી મીડિયમની શાળાના પ્રીંસીપાલ તરીકે ફરજ નિભાવો છો. આવું ઉચ્ચ સ્થાન કઇ રીતે મેળવ્યું ?**

**એલ.બી.:** M.Ed. કર્યા પછી હું ઉચ્ચ શિક્ષણ માટે શાળા શરૂ કરવા ઇચ્છતી હતી પરંતુ સરકારના અનેક નિયમોને કારણે તે શક્ય ન બની શક્યું એટલે બે વરસ પહેલા પ્રીન્સીપાલ બનવાની તક મળી તે મેં સ્વાકારી લીધી. મારા સસરા શ્રી અભેચંદ ગોવિંદજી દંડ ધુલે એજ્યુકેશન સોસાયટીની શાળાના વિદ્યાર્થી રહી ચૂક્યા છે. એટલે આજે શાળામાં મારા પદને કારણે તેઓ ખૂબજ ગર્વ અનુભવે છે. અત્યારે ડૉ. ગુલાબચંદ રૂપચંદ અભીવાલ અંગ્રેજી માધ્યમની શાળામાં નર્સરીથી ધોરણ ૮ સુધીનું શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં અપાય છે અને પ્રતિવર્ષ એક ધોરણ વધે છે.

હું આ સ્થાન ઉપર પહોંચી એ મારી સખત મહેનત, અને સાસરિયા, પતિ તથા બાળકોના સહયોગને આભારી છે. સ્ત્રીની કારકિર્દીના વિકાસ માટે પરિવારનો સહકાર ખૂબ જ જરૂરી હોય છે.

**પ્ર.સ.: તમને એવું નથી લાગતું કે જો તમે મોટા શહેરમાં હોત તો વધુ સફળ થયા હોત ?**

**એલ.બી.:** ના, હું આ સાથે સંમત નથી. તમારી સફળતા તથા વિકાસ માટે એકાગ્રતા, આત્મવિશ્વાસ, સખત મહેનત તથા ધ્યેયનું હોવું જરૂરી છે. આ બધું હોય તો નાની કે મોટી

કોઇ પણ જગ્યાએ તમે અવશ્ય સફળ થઇ શકો. સાચું કહું તો ધુલિયાના દોડધામ વિનાના જીવનનો મારા વિકાસમાં ખૂબ મોટો ફાળો છે.

જો હું મુંબઇ કે બેંગ્લોર જેવા મહાનગરમાં હોત તો મારો અડધો દિવસ મુસાફરીમાં જ પુરો થતો હોત. હું ધુલિયામાં મારી નર્સરી સ્કુલની વ્યવસ્થા તથા પ્રીંસીપાલની નોકરી એમ બન્ને જવાબદારીઓ સારી રીતે નિભાવું છું.

**પ્ર.સ.: ક.દ.ઓ. યુવતિઓને માટે આપનો સંદેશ..**

**એલ.બી.:** પોતાની જાતનું મુલ્યાંકન કરો. તમારી નબળાઇઓ અને ગુણોનું મુલ્યાંકન કરી તમારો માર્ગ નક્કી કરો. તમે નાના ગામમાં કે મોટા શહેરમાં ક્યાં પણ રહેતા હશો તમારા નિર્ધારિત લક્ષ્યને જરૂર પામી શકશો. તમારો વિકાસ અને સફળતા તમારી યોગ્યતા, આત્મબળ, સમર્પણ અને સખત મહેનત ઉપર અવલંબિત છે, નહિં કે તમારા રહેઠાણના ગામ કે શહેર ઉપર.

રૂક જાના નહિં તૂ કહીં હાર કે...

સખત મહેનત કરો અને તેના પરિણામો અનુભવો.

**પ્ર.સ.: લતાબેન આપનો ખૂબ ખૂબ આભાર.**

**– ડૉ. હીરાચંદ દંડ**


## જ્ઞાતિ અગ્રણી તથા શ્રી અરિહંત બેંકના માજી ચેરમેન સીએ શ્રી ઠાકરશી મેઘજી ગોસરનું નિધન



ક.દ.ઓ. જ્ઞાતિના વરિષ્ઠ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, શ્રી અરિહંત બેંકના સ્થાપક ડાયરેક્ટર્સમાંના એક, શ્રી અરિહંત બેંકના માજી ચેરમેન, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – તથા ટ્રસ્ટ બાયઠના પ્રમુખ શ્રી ઠાકરશીભાઇના નિધનથી જ્ઞાતિએ એક જ્ઞાની, કર્તવ્યવાન, કાર્યદક્ષ આગેવાન ગુમાવ્યા છે. જ્ઞાતિની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા તેઓશ્રીના માર્ગદર્શનમાં જ્ઞાતિના અનેક યુવાનોએ સીએ ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. સદ્‌ગતને પ્રકાશ સમીક્ષાની શ્રધ્ધાંજલિ.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**



**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સમજણ ભર્યો સાથ

''કોવિડ-૧૯'' મહામારીના કારણે વૈશ્વિક સ્તરે લોકજીવન ખોરવાઈ ગયું છે. એની અસર આપણામાંની દરેક વ્યક્તિ પર પડી રહી છે. વિશ્વમાં, ભારતમાં, મહારાષ્ટ્ર અને મુંબઈમાં આ બીમારીના કેટલા કેસ છે એની જાણકારી આપણી પાસે છે પરંતુ આપણી કે.ડી.ઓ. જ્ઞાતિમાં કેટલા કેસ છે તેની જાણકારી પણ ખૂબ મહત્વની છે. તા. ૧૫-૦૩-૨૦૨૦ થી તા. ૨-૧૦-૨૦૨૦ સુધી કુલ ૨૧૫ મૃત્યુ થયા છે. પરંતુ કોરોનાના કારણે કેટલા થયા છે એની સચોટ જાણકારી નથી. આ પરિસ્થિતિમાં મદદરૂપ થવાના આશયથી માત્ર કે.ડી.ઓ. માટે કેટલીક વિશેષ યોજનાઓ લાવવાના અમારા પ્રયત્નો સતત ચાલુ છે. જેમકે ક્વોરનટાઈન સેન્ટર, તબીબી સહાય તથા અન્ય સેવાઓ ઉપલબ્ધ કરવી છે.

ફક્ત કોરોનાગ્રસ્ત પરિવારે જ આ ગૂગલ ફોર્મ ભરવાનું છે, તેઓ ગૂગલ ફોર્મમાં સાચી જાણકારી ભરીને અમને મોકલાવશો તો એ માહિતીના આધારે વ્યવસ્થિત યોજના અમે ઘડી શકીશું.

ગૂગલ ફોર્મ ભરવામાં આપને એક મિનિટથી પણ ઓછો સમય લાગશે.

https://forms.gle/byWhyMVgutcaKXzv9

આ મહામારીના કપરા સમયમાં આપણે સૌ એકબીજાની સંગાથે છીએ. ઉપરોક્ત વધુ માહિતી માટે સંપર્ક: મો.: ૯૮૯૨૭૪૧૪૧૪ (માત્ર વોટ્સઅપ કરવું)

શેઠ શ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ અને

શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

## શ્રી કોઠારા ચામુંડા માતાજી ને નમતા મૈશેરી પરિવાર

કોઠારા મુકામે શ્રી ચામુંડા માતાજીની ધ્વજા કારતક સુદ ચૌદસ ને રવિવાર તા. ૨૯-૧૧-૨૦૨૦ના રોજ ઉજવવામાં આવશે.

## શ્રી કેતનભાઇ નાગડાની વરણી

શ્રી ગુજરાતી સમાજ નાંદેડ અને શ્રી ગુજરાતી શિક્ષણ સંસ્થા નાંદેડના અધ્યક્ષ શ્રી કેતનભાઇ નાગડાની ગુજરાતી સમાજ પ્રાદેશીક મહામંડળ, મહારાષ્ટ્ર રાજ્યના કાર્યકારી મંડળમાં કારોબારી સદસ્ય તરીકે ૫ વર્ષ માટે વરણી થયેલ.

## મોમાઈ માતાજીના ભુઆશ્રીની ગન્ધી બદલવાનો કાર્યક્રમ

મોમાઈ માતાજીના ભુઆશ્રીની ગન્ધી બદલવાનો તેમજ માતાજીના ચક્ષુ રોપણનો પણ કાર્યક્રમ તા. ૩૦-૧૧-૨૦૨૦ના યોજાશે. દાતાશ્રી ચિ. રોનક વિનય શિવજી મોમાયા હ. મીનાબેન વિનય મોમાયા.

## નીમીત સતીષ નાગડા - તિરૂપુરની માનવસેવા

શ્રી કુમારન હોસ્પીટલ તિરૂપુર ખાતે ખૂબજ ગંભીર સ્થિતિમાં રહેલા દર્દી માટે રક્તદાન કરી નીમીત નાગડાએ માનવસેવા કરી છે.

## અદ્વિતીય રંગાચાર્ય કમલેશ મોતા

## ઈન્નોવેટિવ, સદા નાવીન્યની શોધ અને નવું કરવાની ઝંખનામાં જીવતા નાટ્યકર્મીની વિદાય



આદરણીય રંગાચાર્ય ભાઇ કમલેશ મોતા અલ્પ માંદગીમાં ૫૬ વર્ષની વયે આ દુન્યવી રંગમંચ પરથી એક્ઝિટ કરી ગયા. માત્ર ૧૧ વર્ષની વયે અભિનયની અનોખી દુનિયામાં પગલા માંડી જીવન પર્યંત રંગમંચની આરાધનામાં પાછી પાની કર્યા વિના મંડ્યા રહ્યા. ભારતીય વિદ્યાભવન-મુંબઇ, કલાકેન્દ્રના ડીરેક્ટર પદે બહુમુલ્ય સેવાઓ આપી જીવનના રંગમંચથી વસમી વિદાય લીધી.

દલતુંગી હાલારનું પાણી અને ક.દ.ઓ. સંસ્કારથી સિંચિત કમલેશભાઇ મોતાએ નાટ્યવિદ્યાના પ્રત્યેક અંગમાં નિપુણતા મેળવી અનેક નવોદિતોને રંગમંચ પર પ્રસ્થાપિત કર્યા. નવા કે નિવડેલા કલાકારોમાં આચાર્ય સદશ્ય નામના મેળવતા. ભારતીય વિદ્યા ભવનના કલા કેન્દ્રની રંગભૂમિને જીવંત રાખી નવા આવનારાઓ માટે સુંદર દાખલો છોડી ગયા. તેમના નિધનથી ગુજરાતી રંગભૂમિએ એક કર્મઠ કલાકાર ગુમાવ્યા છે.

કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી તથા અન્ય અનેક નામવંત કલાકારોએ તેમને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પી હતી.

### દુર્લભ ગરોડી - લેપર્ડ ગેકો

કચ્છમાં ભાગ્યેજ જોવા મળતી દીપડા (લેપર્ડ) જેવી દેખાતી લેપર્ડ ગેકો વન્ય તસવીરકાર મહેન્દ્રભાઇ ટાંકને રાત્રિ રોકાણ કેમ્પ દરમિયાન અનાયાસ જોવા મળી હતી.

આ ગરોળી નિશાચર છે. શરીર પર દીપડા જેવા ટપકા ધરાવતી હોઇ એને દીપડા ગરોળી કે લેપર્ડ ગેકો તરીકે ઓળખવામાં આવે છે. ગરોળી દિવસમાં પોતાના આશ્રય સ્થાનમાંથી બહાર આવતી નથી અને માત્ર રાત્રે જ ભોજનની શોધમાં બહાર આવે છે. આથી લોકોને એના વિશે બહુ માહિતી નથી. વન્ય જીવનના અભ્યાસી નવીનભાઇ બાપટના જણાવ્યા પ્રમાણે આપણા ઘરોમાં દેખાતી ગરોળી કરતા લેપર્ડ ગરોળી સહેજ લાંબી હોય છે.

### કંડલા-દિલ્હી ફ્લાઇટ

તા. ૧૦-૧૦-૨૦૨૦થી સ્પાઇસ જેટની દિલ્હી કંડલા ફ્લાઇટ શરૂ થઇ જતાં કંડલા એરપોર્ટથી હવે કુલ ચાર ફ્લાઇટો ઉપલબ્ધ બની છે. ફ્લાઇટ દિલ્હીથી બપોરે ૧૨.૩૦ કલાકે ઉડાન ભરે છે. આમ હવે કચ્છથી દિલ્હી માટે સીધી ફ્લાઇટ ઉપલબ્ધ થઇ છે. આથી દિલ્હી તરફના પંજાબના પ્રવાસીઓએ આનંદ વ્યક્ત કર્યો છે.

### ઇંડિયા ગાર્ડન યુકે

ઇંગ્લેન્ડમાં સૌથી મોટા ભારતીય સામાજીક સંગઠન કચ્છ લેવા પટેલ કૉમ્યુનિટી યુકે દ્વારા રૂા. ૧૨૦ કરોડના ખર્ચે ઇંડિયા ગાર્ડનનું નિર્માણ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

દર વર્ષે નોર્થ હૉલ્ટ ખાતે યોજાતા કચ્છીઓના આ મેળામાં આ વખતે ઑનલાઇન પધ્ધતિથી અંદાજે ૧૨૫૦૦ થી વધુ લોકો ભેગા થયા હતા. કારણ કે આ વર્ષે કોરોનાના કારણે ફીઝિકલ હાજરી સંભવ ન હતી.

### સયાજીને સામખિયાળી સ્ટૉપ

સયાજી નગરીને તા. ૧૫-૧૦-૨૦ થી સામખિયાળી સ્ટેશને સ્ટૉપ આપવાનો નિર્ણય અમલી બન્યો છે.

### વાગડમાં વધુ એક પ્રાચીન નગર

વાગડ વિસ્તારના રાપર તાલુકાના ભીમાસર પાસે એક પ્રાચીન નગર હોવાના સંકેત મળ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ ભીમાસર પાસેના કાઠીઓના કુળદેવી રાજબાઇ માતાના મંદિરવાળી મોતીગઢ ટેકરીની સેટેલાઇટ તસવીરો ઉપરથી અહીં કદાચ હડપ્પા કરતાં પણ વધુ પ્રાચીન વસાહત હોવાની સંભાવના વ્યક્ત થઇ રહી છે. અહીં એક ભોંયરૂં છે જેને ગામ લોકો ભીમનું ભોંયરૂં કહે છે. જે છેક ગેડી સુધી લંબાયેલું હોવાની માન્યતા છે. અહીં અનેક પાષાણીય અવશેષ વેરાયલા જોવા મળે છે.

### કચ્છ માટે સ્પેશલ એસી ટ્રેઇન

અનલૉક ઇંડિયા હેઠળ રેલ્વે તંત્ર ૩૯ સ્પેશલ ટ્રેઇન શરૂ કરી રહ્યુ છે. આમાં કચ્છ માટે સ્પેશલ એસી ટ્રેઇન નં. ૨૨૯૦૩/૨૨૯૦૪ શરૂ થઇ રહી છે. જે વાંદરા સ્ટેશનથી રાત્રે ૧૧.૪૫ના ઉપડી બીજે દિવસે બપોરના ૧૨.૪૦ પર ભુજ પહોંચશે. વળતામાં આ ગાડી ભુજથી બપોરના ૩.૫૫ વાગ્યે ઉપડી બીજા દિને સવારના ૫.૧૫ પર વાંદરા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેઇન સપ્તાહના ત્રણ દિવસે છે.

કચ્છ પેસેન્જર્સ એસોસિએશનની યાદી મુજબ ટ્રેઇનના સમયમાં ફેરફારની માગણી કરવામાં આવી છે અને એની ઉપર રેલ્વે તંત્ર વિચાર કરી રહ્યું છે.

### મલકાપુર સુમતિનાથ ટ્રસ્ટના સંઘપતિ પદે ભરતભાઇ દંડની વરણી

મલકાપુર સ્થિત સુમતિનાથ ભગવાન જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટના સંઘપતિ પદે ભરતભાઇ નરસી દંડની વરણી કરવામાં આવી છે. શેઠશ્રી તિલોકચંદ ભાઇના અવસાન થતા ખાલી થયેલા હોદા પર ભરતભાઇની વરણી કરવા આવી છે.

### માનવજ્યોત ભવાનીપુર કોલકાતામાં સેવા કાર્ય

માનવજ્યોત ભવાનીપુર દ્વારા દાતા પરિવાર શાંતિલાલ સંઘવીના સહકારથી રક્તદાન શિબિરને આયોજન થયું હતું. જેમાં લાલકા પરિવારના સમીરભાઇ, ડિમ્પલબેન અને કુશલ લાલકાએ અન્ય સહયોગીઓના સથવારે શિબિરને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. પ્રશસ્તી પત્રની કેલીગ્રાફી વેદિકા લાલકાએ તૈયાર કરી હતી.

માનવજ્યોત ભવાનીપુર - કોલકાતા દ્વારા સતત સેવા કાર્ય કરવામાં આવી રહ્યા છે.

### રાષ્ટ્ર સંત નમ્ર મુનિનો સુવર્ણ જન્મોત્સવ

રાષ્ટ્ર સંત નમ્ર મુનિનો સુવર્ણ જન્મોત્સવ - માનવતા મહોત્સવ તરીકે ઉજવવામાં આવ્યો હતો. જે ઑલ એશિયા મેડીકલ ઇન્સ્ટીટ્યુટ ખાતે માનવજ્યોત, અર્હમ યુવા સેવા ગ્રુપ અને મહેતા પરિવાર દ્વારા જરૂરિયાતમંદો માટે કોરોના સારવારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમાં એક દિવસની સારવારમાં રૂા. ૩૦૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ જેમાં શાકાહારી ભોજન, બેડ ચાર્જ, ઑક્સિજન પાઇપ લાઇન, પીપીઇ કિટ, બેસિક દવાઓ અને રાહત ઉપલબ્ધ કરવામાં આવી હતી.

Over View

# STORY TIME

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



One night our grandson, Divit, for a change, came to me and told that " Nana, today I will tell you a story and you have to answer my questions." For this reverse role I said, " Welcome Dear".

He started narrating. "Once there lived a poor old man with an old donkey. There was a deep the pit nearby. One day the donkey fell into the pit. The owner did not know what to do because he neither had money to recover the donkey nor was the donkey useful. So he decided to close the pit and bury the donkey alive with the help of neighbours."

"Nana, is it a wise decision to bury a donkey alive ?"

I replied, " No dear! It is not only wrong but also a ruthless sin."

"Good. Let me resume." said Divit." "The donkey was scared to begin with. It was braying non-stop. It could not think about any possible solution to come out of the situation. Earth was being thrown on him in the pit. But when it got over the fear it discovered an excellent solution. Each and every time when the shovefuls of earth were thrown on him, the donkey shrugged of it and stepped up. Slowly the earth reached the land level. The donkey cooly walked out and went away.

Divit concluded the story and told "Nana, what lesson we learn from this story of a wise donkey."

"Well Divit, Life is not how we hit hard but how when we are being hit hard by trifles, we move forward. We may be laden with burdens every day. Just like the donkey, we have to shrug them off and step up. Fear is nothing but an invisible imposter. FACE FEAR, IT GOES; AVOID FEAR, IT GROWS. Fear is born of ignorance and is nursed on misguided thoughts."

Fear is like a stray barking dog. When it follows you, even you might have been clutched by unwanted fear. But, look at it or pretend to pick up a pebble to flick it; the dog will run away. If you start panicking on seeing it, it will chase you. Better to chase it then being chased. If you stay positive, even the stumbling block can become a stepping stone. Stay bold and positive. Never get carried away with any worries."

When I looked at Divit, he had dozed off !

* * *

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**અનોખી અજય ધુલ્લા**
તેરા – મુલુંડ
H.S.C. **79.60%**



**તીર્થા વિશાલ ધરમશી**
સુથરી – મુલુંડ
S.S.C. **95%**

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઈનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઈ શકાતી નથી.

**ભુલ સુધાર**

પ્રકાશ સમીક્ષા અંક ૫ તા. ૫-૧૦-૨૦ના પાના નં. ૧૨ ઉપર કલીકટના સમાચારમાં ૧) સૌ. હીના હિતેશ છેડા અને ૩) અંષ મનીષ લખમશી લોડાયા વાચવું.

# THE HOLY FIRE THAT BURNS EVERY DESIRE

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



We saw how the only way out of the Karma cage to the heaven of eternal freedom is Nirjara. And the only means of Nirjara is penance or tapa.

Tapa is; to the soul, what a good detox is to the body. Penance not only prevents influx of karma (Saṃvara), but also purges accumulated karma (Nirjara) too. Besides, our soul needs thorough deep-cleansing, since almost everyday, we keep on feeding our soul with unnecessary junk- negative thoughts and emotions, toxic communication and foul play.

Jain Agamas have prescribed six types of internal and six types of external austerities or Tapa. Tapa was given prime importance by Lord Mahavira. When these twelve types of tapa are observed, without getting perturbed or any other consideration, it becomes the principle instrument of Nirjara leading to Moksha - the final freedom from the fatal karmic circle. Thiruvalluvar the greatest poet of Tamil Literature, believed by some scholars to be a Jain, wrote in his 'Couplets On Penance', :

**"Those who feel the power of penance**
**Evade the noose of Fate."**

'Tapas', derived from the root tapa, implies a special form of heat. A good example depicting this special heat in nature is the warmth required for hatching of an egg and giving birth. Similarly, Tapa generates the special heat for hatching of knowledge and for one's spiritual rebirth.

Tapa is also symbolised as 'Agni' or fire which is not only a source of heat and light but is visualised as the energy which helps one rise upwards; the energy which helps one transcend! Such a spiritual energy is stimulated within our souls by 'tapa' including deep meditation, self-aware discipline and focused effort which may involve living a life in solitude. The goal of spirituality is realization of the self and this requires both, a desire for truth and the practice of tapasya. That's why Thiruvalluvar says,

"The pain of penance refines the souls As gold glows on heating."

Tapa is an important element of spiritual path - one who goes through tapa mechanically, without meditating on the nature of the Self is a 'balatapasvi' or a pseudo-tapasvi. His balatapa is nothing but a false spiritual practice. When a person observes an austerity only physically without an inner desire to change his or her life, he performs just a physical act and not a penance.

Outward restraints are of no use if they are not accompanied by inner restraints and understanding. Unless outer restraints and penances are able to inspire a calm and composed objectivity of mind and spirit, they would result in mere torturing of one's body which is; in fact, strictly prohibited. A fast with mind lingering over menu, is not Nirjara. Contrarily it results in accumulation of fresh karmas. Similarly fasts and other such penances undertaken with a view to gain material benefits or worldly pleasures and to earn name and prestige in the contemporary society would result in fresh karmic influx or 'Asrava'.

Scriptures state that tapas is the energy responsible for birth of spiritual insights. The noted yoga guru Shri BKS Iyengar has aptly said, "A life without the tapa is like a heart without love." Tapas unveils the hidden Godlihood of man .

Tapa seems to be a tiny word but it comes down very heavily on Karmas. "Practice of Tapa" or observance of austerities is regarded as a must for achieving Nirjara, i.e., the shedding of Karmic matter from the soul, which is a necessary condition to the attainment of Moksha and Siddhapad ie. salvation. And Thiruvalluvar sings the glory of the great men who have set out on the glorious path of penance thus:

**"Life on earth bow to him**
**Who attains self-control."**

* * *

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**જગતસિંહ દેવસી ખીંયસી લોડાયા**
(PS 1012) ગામ – કોઠારા

A-11, **ચોથે માળે, નીલકંઠ ધારા, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ),**
**મુંબઈ – ૪૦૦ ૦૭૭. મો.: 098336 94413** (ભૂલ સુધાર અંક ૪)

**રમેશ હિરજી લીલાધર મોતા**
(PS 1508) ગામ – જશાપર

Room No 203, **જયેશ નિવાસ, મ્યુનીસીપલ ગાર્ડનની પાછળ,**
**કોપર ક્રોસ રોડ, ડોંબીવલી** (વેસ્ટ) MH. 421 202.
**મો.: 090042 84487**

**તારક ભરત રતનશી પટેલ (મોતા)**
(PS 7398) ગામ – તેરા

505, **પાંચમે માળે, માઉન્ટ બ્લીસ, નાગરદાસ નગર, ટેંભીપાડા,**
**ઈચ્છાપૂરી ગણેશ મંદિરની બાજુમાં, ભાંડુપ** (વેસ્ટ),
**મુંબઈ – ૪૦૦ ૦૭૮. મો.: 098707 31874**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૮-૨૦ | ડોંબીવલી | ત્રિશા પ્રિયંકા વિકાસ મહેશ ખોના (ભુલ સુધાર) | ધ્રાફા | પુત્રી |
| ૦૯-૦૯-૨૦ | મુલુંડ | વીર તૃષા અજય ગુલાબચંદ (શાહ) પોલડીયા | સુથરી | પુત્ર |
| ૧૫-૦૯-૨૦ | મસ્જીદબંદર | મોક્ષ રશ્મિ શ્રેણીક વિજય ખોના | સુથરી | પુત્ર |
| ૧૯-૦૯-૨૦ | ડોંબીવલી | પ્રિશા રશ્મિ જિનેશ ભરત લોડાયા | સુથરી | પુત્રી |
| ૨૭-૦૯-૨૦ | ભાંડુપ | જીવિકા નમ્રતા નિમેષ ચિમનલાલ મોમાયા | વરાડીયા | પુત્રી |
| ૦૩-૧૦-૨૦ | ભુજ | લીઝા રીયા હિમાંશુ મુરજી નરશી મોતા | રાપર ગઢવારી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૯-૨૦ | વડોદરા | સ્મિત કમલેશ હિરાચંદ દંડ | જખૌ | ૨૪ |
| | અમદાવાદ | ફેનલ મણીકાન્ત ભાણજી મૈશેરી | બાંડીયા | ૨૫ |
| ૦૬-૧૦-૨૦ | સાંગલી | જુગલ મણીલાલ ભવાનજી મોતા | વારાપધર | ૨૯ |
| | ચાલીસગામ | જિનલ પંકજ કલ્યાણજી લોડાયા | સાંયરા | ૨૯ |
| ૧૭-૧૦-૨૦ | નાગપુર | નિલય નિતીન મણીલાલ લોડાયા | સાંયરા | ૨૯ |
| | કુચના | રક્ષા નરેન્દ્ર ગોવિંદજી મૈશેરી | જખૌ | ૨૬ |
| ૧૭-૧૦-૨૦ | ડોંબીવલી | સાગર નીતિન કુંવરજી મોતા | રાપર ગઢવારી | ૩૧ |
| | ડોંબીવલી | અનિતા મણિકાંત પદમશી લોડાયા | કોઠારા | ૩૨ |
| ૧૭-૧૦-૨૦ | સાન્તાક્રુઝ | નયન દિનેશ કુંવરજી ધરમશી | રંગપુર | ૨૯ |
| | ડોંબીવલી | તનવી રસિક ધનજી લાપસિયા | દલતુંગી | ૨૪ |
| ૧૮-૧૦-૨૦ | ગદગ | અનુજ શરદ રાયચંદ લોડાયા | સાંયરા | ૨૮ |
| | ભાંડુપ | સ્વેતા ગિરીશ શિવજી મૈશેરી | નાની સિંધોડી | ૨૫ |
| ૧૮-૧૦-૨૦ | નાશિક | ચિરાગ ઈશ્વર શામજી લાપસિયા | સુથરી | ૨૫ |
| | ડોંબીવલી | ભૂમિ પરેશ પદમશી લોડાયા | મોટી ખાવડી | ૨૫ |
| ૧૯-૧૦-૨૦ | મુલુંડ | ડૉ. યશ જયંત વસનજી છેડા | નલિયા | ૩૦ |
| | ચાલીસગામ | બીજલ જિતેન્દ્ર શિવજી રતણી | તેરા | ૨૯ |

## અંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૧૦-૨૦ | ચેમ્બુર | પ્રિયંક શશીકાંત હીરજી ગણાત્રા | અંજાર | ૩૪ |
| | મુલુંડ | નેહા હંસકુમાર શામજી શિયાલ | જખૌ | ૩૫ |
| ૧૮-૧૦-૨૦ | કાંજુરમાર્ગ | કેવલ અભય દામજી ધરમશી | જખૌ | ૨૭ |
| | કલ્યાણ | માનશી જયંત ખાનજોડે | ચંદ્રપુર | ૨૭ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૧૦-૨૦ | ડોંબીવલી | હિતેશ હિરાચંદ વેલજી ખોના | જખૌ | ૪૨ |
| | ડોંબીવલી | યુતિકા પ્રવિણચંદ લક્ષ્મીચંદ લોડાયા | સુથરી | ૪૧ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૦-૨૦ | પનવેલ | પ્રેમચંદ ભગવાન ત્ર્યંબક ભાલેરાવ | ઇરંડોલ (MH) | ૩૫ |
| | કલવા | ઝીલ કલ્પેશ સોમચંદ નાગડા | જખૌ | ૨૨ |

## છૂટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૯-૨૦ | ડોંબીવલી | પ્રીતેશ ગુલાબ લાપસિયા | દલતુંગી | ૩૦ |
| | ડોંબીવલી | અંકિતા ઉત્તમ ડાઘા | દલતુંગી | ૨૮ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૧૦-૨૦ | ડોંબીવલી | નવલબેન સોમચંદ જેઠાભાઇ લોડાયા | નલિયા | ૭૨ |
| ૦૩-૧૦-૨૦ | અંબડ | ચંદ્રકાન્ત વેલજી વિશનજી ધરમશી | સુથરી | ૭૧ |
| ૦૪-૧૦-૨૦ | મુલુંડ | શાંતીલાલ લાલજી કરમશી છેડા | સુથરી | ૭૬ |
| ૦૫-૧૦-૨૦ | ડોંબીવલી | મીરાબેન જવેરચંદ ધનજી ખોના | તેરા | ૭૩ |
| ૦૬-૧૦-૨૦ | મસ્જિદબંદર | કમલેશ મણીલાલ ગાંગજી મોતા | દલતુંગી | ૫૬ |
| ૦૭-૧૦-૨૦ | નાંદગાવ | પલ્લવી ગોવિંદજી શામજી દંડ | લાલા | ૫૯ |
| ૦૭-૧૦-૨૦ | ઘાટકોપર | ઠાકરશી મેઘજી હિરજી ગોશર | બાયઠ | ૮૪ |
| ૦૮-૧૦-૨૦ | સાંગલી | પ્રેમીલાબેન સોમચંદ દેવશી નાગડા | તેરા | ૬૩ |
| ૦૯-૧૦-૨૦ | મુલુંડ | જયંતીલાલ મુલચંદ ઘેલાભાઇ દંડ | ભરૂડીયા | ૭૯ |
| ૧૦-૧૦-૨૦ | ગોંદીયા | અશોક જવેરચંદ ડુંગરશી ધરમશી (જૈન) | જશાપુર | ૪૨ |
| ૧૩-૧૦-૨૦ | પાંચોરા | લાલજી ટોકરશી રતનશી લોડાયા | કોઠારા | ૮૧ |
| ૧૩-૧૦-૨૦ | મુલુંડ | હિરલાબેન લક્ષ્મીચંદ કુંવરજી શિયાલ | જખૌ | ૭૯ |
| ૧૩-૧૦-૨૦ | મુલુંડ | જયંતિલાલ લખમશી વેલજી ધરમશી | ગોરખડી | ૭૮ |
| ૧૫-૧૦-૨૦ | વર્ધમાન નગર | લીલાવંતી પ્રવિણ ખીમજી શિયાલ | જખૌ | ૬૦ |
| ૧૫-૧૦-૨૦ | બૂરહાનપુર | હર્ષલ પ્રમોદ મુલજી નાગડા | લાલા | ૩૪ |

**પ્રથમ કવર પેજ (કલર) પર**

ધંધાકીય જાહેરાત કે વ્યક્તિગત સિધ્ધિ, શ્રધ્ધાંજલિ કે પુણ્યતિથિની જાહેરાતો પ્રગટ થશે નહીં. છતાં અપવાદરૂપ જાહેરાતો તથા પ્રકાશ-સમીક્ષા સમિતિને યોગ્ય લાગે તેવી વ્યક્તિગત સિધ્ધિ, જન્મ જયંતિ - શ્રધ્ધાંજલિ - પુણ્યતિથિ અને અન્ય જાહેરાત પ્રથમ કવરપેજ પર લેવાશે.

**વિશેષ નોંધ :**

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **- તંત્રી મંડળ**

# ભાવપૂર્વક સ્નેહાંજલિ



આગમન :
તા. ૨૯/૦૭/૧૯૬૧

પરલોક ગમન :
તા. ૨૩/૦૯/૨૦૨૦

## શ્રીમતી ગીતાબેન હરીશ લોડાયા (ઉ.વ. ૫૯)

(ગામ : સાંયરા, હાલ : રાયપુર)

બેના તેં આંગણે આવનારને આવકાર, આદર અને પ્રેમ આપ્યા.....
સહુની મહેમાનગતિ અત્યંત દિલોજાનથી કરી.....
હસીને હસાવનાર તું અમને સહુને રડાવી ગઈ.....
પરિવારને સ્નેહ આપીને સર કર્યા શિખરો સ્નેહના.....
પરિવારને સમૃદ્ધ બનાવી, લીલી વાડી મૂકીને ગઈ.....
વગર માંગે મારી દરેક ઈચ્છા પૂરી કરી.....
જીવન કેમ સત્કર્મોથી જીવવું તે મને શીખવી ગઈ.....
ટૂંકા જીવનમાં મમતા ઘણી મુકી ગઈ.....
ક્યારેય કલ્પી ન શકાય એવી તારી ઓચિંતી વિદાય.....
મારું કાળજું કંપાવી રડતાં મુકી ગઈ.....
તારી વાત્સલ્યભરી છત્રછાયા ગુમાવ્યાથી વ્યથિત હું થઈ.....
પુનિત સ્મરણ રહેશે હંમેશા મુજ દિલમાં.....
પ્રભુ તુજ દિવ્ય આત્માને શાંતિ અર્પી મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના.....

**શોકાતુર**

**બહેન : રીટા કેતન મહેશ્વરી (મૈશેરી)**
**માતુશ્રી હીરાબેન ભવાનજી શિયાલ ની દીકરી**
**તેમજ સમસ્ત હિરજી હંસરાજ શિયાલ પરિવાર (રાયપુર - ધમતરી)**

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૧૧ એપ્રિલ ૧૯૪૪

અરિહંત શરણ :
તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૦

## સ્વ. શેઠશ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ (વરાડીયા - મલકાપુર)

શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખુટે છે
અંજલી આપતા હૈયું રડે છે
અકાળે છુટી ગયો આપનો સાથ
પણ આશ્વાસન એટલુંજ કે સાથે
કાયમ આપણી યાદ તો છે જ
શબ્દો નથી વ્યથાના વ્યક્ત કરવા
શક્ય નથી તમને ભુલી જવું.

**-: શોકાકુલ પરિવાર :-**

માતુશ્રી ગંગાબાઈ નરસીભાઈ દંડ પરિવાર, મલકાપુર
માતુશ્રી માનબાઈ લક્ષ્મીચંદ વિસનજી ખોના પરિવાર, મુંબઈ
માતુશ્રી કાંતાબાઈ મુલજી રાઘવજી લોડાયા પરિવાર, મુંબઈ
માતુશ્રી પ્રભાબાઈ જયચંદ શામજી મોતા પરિવાર, મુંબઈ
માતુશ્રી લક્ષ્મીબાઈ માણેકજી દેવજી મૈશેરી પરિવાર, રાયપુર
માતુશ્રી પ્રભાબાઈ પદમશી મુલજી લાલકા પરિવાર, ચોપડા

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. શેઠશ્રી**
**તિલોકચંદ નરસીભાઈ દંડ**
(વરાડીયા - મલકાપુર)
અરિહંત શરણ : તા. ૧૭/૦૯/૨૦૨૦

આપની હયાતી અમારી પ્રેરણા હતી...
આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા...
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો,
માયાળુ સ્વભાવ અને લાગણીશીલતા
અમો જીવનભર ભુલશું નહિં...

**પરમાત્મા આપના દિવ્ય આત્માને**
**શાંતિ અર્પે એવી પ્રાર્થના...**

**-: શોકાકુલ પરિવાર :-**

**વિરચંદ નરશી ગ્રુપ, મલકાપુર**
**તથા સમસ્ત કર્મચારીગણ**



# ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ

## CA શ્રી ઠાકરશી મેઘજી ગોસર

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટના પ્રમુખશ્રી ઠાકરશી મેઘજી ગોસરના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી હૃદયના ધબકારા ચુકી જવાય એવો કારમો આઘાત લાગ્યો. ઈશ્વર આગળ આપણુ કાંઈપણ ચાલતુ નથી. આ આઘાત સહન કર્યે જ છુટકો.

તેઓશ્રી આપણી ક.દ.ઓ. જ્ઞાતિના એક ઘટાદાર વૃક્ષ જેવા વિરલા હતા. તેઓશ્રી બાયઠ મહાજનશ્રીના પ્રાણ સમાન હતા. અમારા સૌના માટે તેઓ પિતા તૂલ્ય વડીલશ્રી જેવા અપ્રતિમ વીરલ માનવી હતા. તેઓ ખરેખર અજાત શત્રુ હતા. તેમને માદરે વતન પ્રત્યે અથાગ સ્નેહ અને લાગણી હતી. તેઓશ્રી આપણી જ્ઞાતિના એક અણમોલ રત્ન હતા. વ્યવસાયે તેઓ આપણી જ્ઞાતિના અગ્રણી ચાર્ટડ એકાઉન્ટન્ટ હતા.

બાયઠ મહાજનશ્રીના છેલ્લા ચાલીસ વર્ષોથી પ્રમુખ હતા. તેમણે જ્ઞાતિની અગ્રણી સંસ્થાઓ જેવી કે સમસ્ત મહાજનના સ્થાપકમાંના એક હતા. શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી પણ હતા. જ્ઞાતિની એકમાત્ર બેન્ક, અરીહંત બેન્કના સ્થાપક અને ચેરમેન પદે રહ્યા હતા. અન્ય સંસ્થાઓ સાથે પણ જોડાયેલા હતા. તેમણે દરેક સંસ્થાઓમાં અમુલ્ય સેવાઓ આપી હતી. તેઓ દીર્ઘદષ્ટિ, દુરંદેશી તથા સુજબુઝવાળા સહૃદયી માનવી હતા. સૌને સાથે રાખી કાર્ય કરતા હતા. અમારા મહાજનશ્રીને શુન્યમાંથી વિશાળ વટવૃક્ષ જેવી માતબર સંસ્થા બનાવનાર કર્તવ્યનિષ્ઠ અને કર્મવીર વડીલશ્રી હતા. જ્ઞાતિને એમની ખોટ સદાય સાલતી રહેશે.

ગોસર પરિવાર તથા બાયઠ મહાજનશ્રીને પડેલ ખોટ ક્યારે પણ પુરી શકાશે નહી. પરમ કૃપાળુ પરમાત્મા આપના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે અને દીવંગત આત્માને મોક્ષગામી બનાવે એવી વિનમ્ર ભાવે પ્રાર્થના...

સમગ્ર બાયઠવાસીઓ, બાયઠ મહાજનશ્રી, ટ્રસ્ટ તથા બાયઠ જૈન સંઘ વતી ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ આપતા વિરમવાની રજા લઈએ છીએ.

એજ લી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા સમગ્ર બાયઠવાસીઓ તરફથી ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ**
**માનદ મંત્રીઓ શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા તથા શ્રી રાજેન્દ્ર વેલજી પોલડીયાના જય જિનેન્દ્ર**



**સ્વ. તિલોકચંદ નરશી દંડ**

(ગામ : વરાડીયા - હાલ : મલકાપુર)

## સુમનાંજલિ

એક મુઠ્ઠી ઊંચેરા માનવી શ્રી તિલોકચંદ નરશીભાઈ દંડ.

જન્મ થી મૃત્યુ સુધીનું જીવન બધા જ જીવે છે. પણ જીવન જીવી જાણવું અને જીવનને માણવું આ કલા વિરલ લોકોમાં જ હોય છે. શ્રી તિલોકચંદભા એ આ કલા હસ્તગત કરી હતી. એમના પ્રેરણાદાયી જીવનમાં સામાજીક કાર્યો જેવા કે સાધર્મિક ભક્તિ, શિક્ષણ ક્ષેત્રે શૈક્ષણિક સહાય, યુવા ઉત્કર્ષ, મહિલા ઉત્કર્ષ આદિ કાર્યોમાં તન-મન-ધનથી અગ્રેસર રહીને પરિપૂર્ણ કરતા. એનાથી ય વિશેષ ધાર્મિક ક્ષેત્રમાં દેરાસરો, ઉપાશ્રય સિવાય સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ, વિહારાદિની વ્યવસ્થા ગચ્છના ભેદ વગર ખૂબજ આત્મિયતાથી કરતા. અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના હૃદયમાં એમણે પોતાનું સ્થાન બનાવ્યું હતું. એવા તો અનેક આદર્શો એમના જીવનમાં હતા. એમના સાંનિધ્યમાં રહેવાવાળાને આ પ્રતિતિ થયા વગર રહેતી નહીં કે કેટલા ઉચ્ચ આદર્શો એમના જીવનમાં હતા. એ હમેશા કહેતા, સ્પર્ધા સંકટથી કરવી જોઇએ માણસોથી નહીં. આપણને મન જીતવા છે, માણસો ગુમાવવા નથી. જીવનમાં કોણ આપણી આગળ છે કે કોણ આપણી પાછળ એ જેવા કરતા કોણ આપણી સાથે છે અને આપણે કોની સાથે છીએ.

ત્રણ વસ્તુનો હમેશા આદર કરવો જોઇએ - માતા-પિતા અને ગુરૂ. ત્રણ વસ્તુ ક્યારેય ભૂલવી ન જોઇએ - કર્તવ્ય, ઉપકાર અને કર્જ. ત્રણ વસ્તુ બીજા ને આપવી જોઇએ - માન, જ્ઞાન અને દાન. ત્રણ વસ્તુ પોતાના જીવનમાં હોવી જોઇએ - નમ્રતા, સૌજન્ય અને સુસ્વભાવ.

એમના જીવનમાં એ આદર્શોનો સુંદર સુમેળ હતો. એવા આદર્શવાન ઉચ્ચ વ્યક્તિમત્વના ધણી, સમાજ અને પરિવારના શિરછત્ર, એમની ખોટ ક્યારેય પુરાય એમ નથી. એમના ગુણોને નમન કરી એમને ભાવભીની સુમનાંજલિ અર્પણ કરીએ છીએ.

**લી. શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ઔરંગાબાદ**

## ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ



**સ્વ. તિલોકચંદ નરશી દંડ**

(ગામ : વરાડીયા - હાલ : મલકાપુર)

અરિહંત શરણ : તા. ૧૭/૦૯/૨૦૨૦



**ક.દ.ઓ. જ્ઞાતિના અગ્રણી અને દંડ પરીવારના વડીલ**


### શ્રી તિલોકચંદ નરશી દંડ

પારદર્શક અને નિખાલસ વ્યક્તિમત્વ, પ્રેમ અને વાત્સલ્યથી ભર્યો
એમનો ચહેરો આપણા હૃદયમાં કાયમ માટે અંકાઈ ગયો છે.
સહૃદયી અને મીતભાષી એવા તિલોકચંદભાઇ
પોતાની અનોખી છાપ છોડી ગયાં.
જ્ઞાતિ માટે અને સમાજ માટે એમણે અનેક સત્કાર્યો કર્યા.
કોઈનું મનદુઃખ ન થાય અને બધાને સાથે લઈને
આગળ વધવાની એમની અનોખી શૈલી હતી.
આજે તિલોકચંદભાઇ આપણી સાથે નથી રહ્યા, પણ એમના
અસંખ્ય સત્કાર્યો હમેશા આપણા માટે પ્રેરણારૂપ રહેશે.
પરમાત્મા આપનાં દિવ્ય આત્માને ચીર શાંતી આપે એવી પ્રાર્થના.

-: શ્રધ્ધાસુમન :-

**પદમશી મુલજી લાલકા પરીવાર (ચોપડા)**
**તથા પ્રીતા શૈલેશ છેડા પરીવાર**

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## શ્રી ઠાકરશીભાઈ મેઘજીભાઇ ગોશર

ટી.એમ. ગોશરના નામે જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ઠાકરશીભાઈ મેઘજીભાઇ ગોશર અમારા કે.ડી.ઓ. સીએ એસોસિયેશનના ભુતપુર્વ પ્રમુખ હતા. એમની ટી.એમ. ગોશર એન્ડ કંપનીની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ફર્મમાં આર્ટીકલશીપ કરીને ઘણા જ્ઞાતીજનો આજે સીએ છે. શ્રી ઠાકરશી ભાઈએ જ્ઞાતિની શ્રી અરિહંત બેંકની સ્થાપનામાં સારૂં કાર્ય કરેલ તથા સમયાંતરે શ્રી અરિહંત બેંકના ચેરમેન તરીકે પણ નિયુક્ત થયા હતા.

કે.ડી.ઓ. સીએ એસોસિયેશન શ્રી ઠાકરશીભાઈને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

KDO CA ASSOCIATION

**લી. કે.ડી.ઓ. સીએ એસોસિયેશન**

# ❖ ભાવભરી સ્મરણાંજલિ ❖



## સ્વ. તિલકચંદ નરશી દંડ

(ઉ.વ. ૭૬)

(ગામ : વરાડીયા - હાલ : મલકાપુર)

અરિહંત શરણ : તા. ૧૭/૦૯/૨૦૨૦

આદરણીય શ્રી તિલકભાઇ

આપના વિશાળ દિવ્ય લલાટે કેસર-ચંદનનું તિલક હંમેશા આપના નામ પ્રમાણે ઝળહળતું હતું. સદાચાર અને સંસ્કારની સૌરભથી છલકાતું, મહેકતું જીવન આપ જીવી ગયા. જિન-શાસનની લગભગ દરેક પ્રકારની સેવા, ઉપાસના ને રક્ષા કરવામાં અગ્રેસર રહ્યા હતા. ઘર-પરિવાર ને ગામ-સમાજ માટે આપને અનોખું સ્પંદન હતું. આપે સબંધોને સોનાના વરખથી નહીં પણ હૈયાના હરખથી સાચવ્યા હતા તે જ તમારી અમીરી ને ખાનદાની હતી. આપ લાગણીની ભીનાશથી સંબંધોને સદાય લીલાછમ રાખી રહ્યા હતા.

આપની દીર્ઘ દ્રષ્ટિ અનોખી હતી, એક દિવ્ય શક્તિ હતી. જીવનમાં અંત સુધી સક્રિય રહેનાર, કર્તવ્યનિષ્ઠ, ધાર્મિક તથા સામાજીક ક્ષેત્રે કુશળ વહીવટકર્તા, વ્યવહારીક કુશળતા, કામ કરવાની ધગશ, સાધુ-સાધ્વી પ્રત્યે અખુટ શ્રદ્ધા ધરાવનારા, સમજણના સેતુથી કુટુંબનું મોભીપદ શોભાવી જીવનશીલા સંકેલી લેનાર શ્રી તિલકભાઇની વિદાયે અમને અશ્રુવિભોર બનાવ્યા છે. લોખંડી મનોબળ અને આત્મશક્તિથી દરેક કાર્યમાં ઝળહળતી સફળતા ને યશ મેળવનાર એ વિરાટ વીર-રત્નને અશ્રુભીની શ્રધ્ધાંજલિ. આપનો દિવ્ય આત્મા જ્યાં હોય ત્યાં ચિર શાંતિ પામો ને મોક્ષગામી થાઓ એ જ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**લી. નલીન કેશવજી અજાણી પરીવાર (કોઠારા)ની ભાવભરી સ્મરણાંજલિ**

# ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ



## CA શ્રી ઠાકરશી મેઘજી ગોસર

(Founder Director of Arihant Bank & Ex. Chairman 1995-2000)

જન્મ : તા. ૦૪-૦૧-૧૯૩૭
અરિહંત શરણ : તા. ૦૭-૧૦-૨૦૨૦

*આપનું જ્ઞાન, આપનું નેતૃત્વ, આપના ઉમદા વિચારો,*
*આપનું નિઃસ્વાર્થ માર્ગદર્શન, કર્તવ્યનિષ્ઠા*
*તથા માયાળુ સ્વભાવ હંમેશા સ્મરણીય રહેશે.*
*આપના આત્માની શાંતી માટે પ્રભુ પ્રાર્થના સહ*
*ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ....*

Estd 1984

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

**બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને સ્ટાફ**

# In the ever loving memory of



**Late Smt. Geeta Padamshi Momaya**
(18-12-1939 - 19-10-2019)



Those we love don't go away,
they walk beside us every day.
Unseen, unheard, but always near,
still loved still missed and very dear
Remembering you is easy,
we do it every day but missing you
is heartache that never goes away.

**Satyen & Rupali, Atul & Jayshree**
Grandchildren : **Karan, Dhruv & Yana**
**Momaya & Lodaya Family**

# પાંચમી પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ



## શ્રી કેતન ગોવિંદજી લોડાયા (અજાણી)

કચ્છ : કોઠારા • મુંબઈ : ઘાટકોપર

જીવન યાત્રા : તા. ૧૬-૧૦-૧૯૬૫ • તા. ૨૦-૧૦-૨૦૧૫

સત્કાર્યો અને સત્કર્મો દ્વારા જીવનને સુશોભિત બનાવનારા
આપની અચાનક વિદાય અમારા સૌના માટે મોટી ખોટ બની ગઈ છે.
સૌના મદદગાર, પરિવાર-મિત્રોના પ્રેમી, સ્ફટિકમય નિર્મલ સ્વભાવી
મક્કમ મનોબળ સાથે જિંદગીને જીવી જનાર જિંદા દિલ વ્યક્તિનો
સૂર્ય મધ્યાન્હે અસ્ત થઈ ગયો, જીવન દીપ બુઝાઈ ગયો.
હવે આપની સ્મૃતિના સંગાથ અમ પાસે, ના વિસરાય તમારી અઢળક યાદો.
પરમાત્મા આપની વિરલ આત્માને મોક્ષગામી બનાવે
એજ પ્રભુ ચરણે પ્રાર્થના સહ શ્રધ્ધા સુમન.

**માતુશ્રી કાંતાબેન ગોવિંદજી ધનજી લોડાયા (અજાણી) પરિવાર**

નિવાસ : ૯૦૪/૯૦૬, સહ્યાદ્રી બિલ્ડીંગ, નીલકંઠ વેલી, રાજાવાડી, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

**કુલીન જ્વેલર્સ ❖ કુલીન ઈમ્પેક્સ**

મુંબઈ-૪૦૦ ૦૦૨.

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રી બીપીન નાગડાની સિધ્ધિ



૧) **HDFC ERGO Health Insurance Co.** વતી તેમને **National Advisory Board** માં સમાવેશ કરવામાં આવેલ છે.

૨) ભીવંડી વિભાગ તેમજ થાણા જીલ્લામાં કરોના ક્ષેત્રમાં કાર્ય કરવા માટે **All Human Social Organisation** તરફથી એવોર્ડ અને પ્રશસ્તીપત્ર આપવામાં આવેલ છે.

૩) **Aditya Birla Health Insurance Co.** માં **India** માં **No. 1** સ્થાન મેળવેલ છે.

BIPIN NAGDA - SINCE 1973 - INSURANCE RIGHT NOW

*India's leading Life, Health and General Insurance Advisor*
Bipin Nagda, Ajanta Compound, Dhamankar Naka, Bhiwandi, 421305.
Mobile : 9323525000. Direct : 02522 254012
Email : bipinpnagda@gmail.com | Website : www.bipinnagda.in
Office Landline : 02522 254011 / 232190.

AWARDS
1. Apollo Munich Health Ins : PAN India No 1
2. ICICI Lombard : CEO Elite Club Member
3. LIC of India : CMD Club & MDRT
4. New India : CMD Club

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.